RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 273* Date: 30.07.2020 * Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ફ્રાંસથી સાત હજારથી વધુ કિમીનું અંતર કાપી પાંચ રાફેલે અંબાલામાં સફળ લેન્ડિંગ કર્યું

# ભારતમાં વૉટર સેલ્યુટ સાથે પાંચ 'રાફેલ'નું આગમન



*ન્યુ દિલ્હી,તા.૨૯*

૭ હજાર કિંમી. દૂર ફ્રાન્સથી સોમવારે રવાના થયેલા પાંચ ફાઈટર જેટ રફાલ આજે ભારે ઉત્સાહતિત અને રોમાંચભર્યા માહોલની વચ્ચે પંજાબમાં ભારતીય વાયુદળના અંબાલા એરબેઝ પર ભારતની જમીનને સ્પર્શ કર્યો ત્યારે વાયુદળના વડા એરમાર્શલ આરકેએસ ભદૌરિયા સહિત અન્ય ઉચ્ચ અધિકારીઓ તેમનું અને પાયલટનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. અંબાલામાં આ યુદ્ધ વિમાનોને વોટર સેલ્યૂટ આપવામાં આવ્યું. આ પ્રસંગે લોકોની ભીડને રોકવા અંબાલા એરબેઝની આસપાસ કલમ ૧૪૪ લાગૂ કરવામાં આવી હતી. અને એરબેઝની આસપાસ ભારે સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ચાર કે વધુ લોકોના એકત્ર થવા પર અને ફોટોગ્રાફી કે વિડિયોગ્રાફી પર અને ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો હતો. ચાર વર્ષ પછી આ અતિઆધુનિક ઘાતક સુવિધાયુક્ત લડાકૂ વિમાનો આખરે ભારતના વાયુદળમાં સામેલ થઇ ગયા હતા. ભારતે કુલ ૩૬ વિમાનોનો ઓર્ડર આપ્યો છે. તેમાંથી પાંચ વિમાનો ચીન સાથે તણાવપૂર્ણ માહોલની વચ્ચે ભારતને મળતાં ભારત હવાઇ સુરક્ષાની રીતે વધુ મજબૂત બન્યું છે.

UAEથી જયારે રાફેલે ઉડાન ભરી તો થોડીવાર બાદ ભારતીય વાયુસીમામાં પ્રવેશ કર્યો હતો. જયારે આ પ્લેન અરબ સાગરથી પસાર થયા તો INS કોલકાતાના કન્ટ્રોલ રૂમથી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ દરમિયાન INS કોલકાતા કન્ટ્રોલ રૂમની અંદરથી કહેવામાં આવ્યું કે, ઇન્ડિયન નેવલ વૉર શિપ ડેલ્ટા ૬૩ એરો લીડર. મે યૂ ટચ ધ સ્કાય વિથ ગ્લોરી, હેપ્પી હન્ટિંગ, હેપ્પી લેન્ડિંગ.'

ફ્રાંસમાંથી આવેલા પ્રથમ પાંચ રાફેલ વિમાન અંબાલા એરબેઝ પર સુરક્ષિત રીતે લેન્ડ થઈ ગયા છે. આ અંગેની જાણકારી દેશના રક્ષા મંત્રી રાજનાથ સિંહે આપી હતી. તેમણે ટ્વિટ કરીને લખ્યું છે કે, 'બર્ડ્સ' અંબાલા ખાતે સુરક્ષિત લેન્ડ થઈ ગયા છે. રાફેલના ભારતમાં લેન્ડિંગ સાથે જ ભારતીય આર્મીના નવા યુગની શરૂઆત થઈ ગઈ છે. આ એરક્રાફ્ટ આવતા ભારતીય



એરફોર્સની ક્ષમતામાં વધારો થશે. દુશ્મન દેશ ભારત પર હુમલો કર્યા પહેલા હવે અનેક વખત વિચારશે.

આ ફાઈટર વિમાનોએ સોમવારે ફ્રાન્સીસી શહેર બોરદુના મેરિગ્નેક એરબેઝથી ઉડાણ ભરી હતી. વિમાન લગભગ ૭૦૦૦ કિમીનું અંતર કાપીને બુધવારે એટલે કે આજે અંબાલા પહોંચ્યાં. આ વિમાનોમાં એક સીટવાળા ૩ વિમાનો અને બે સીટવાળા બે વિમાન છે.

ભારતીય સરહદમાં ઘુસતા જ સુખોઈ ૩૦ MKIએ રાફેલને એસ્કોર્ટ કર્યું. રાફેલ વિમાન એક સાથે ૧૦૦ વિમાનો પર નજર રાખી શકે છે. તેની બાજ નજરથી બચવું મુશ્કેલ છે. અત્યાર સુધી ભારત પાસે સુખોઈ તરીકે ચોથી પેઢીનાં યુદ્ધ વિમાન હતા, પરંતુ હવે રાફેલનાં રૂપમાં ૪.૫ પેઢીનાં વિમાન આવી ચુક્યા છે. રાફેલની તાકાત ઘાતક છે અને તેનું નિશાન અચૂક છે.

જણાવી દઈએ કે, ભારતને ૩૬ રાફેલ ફાઈટર જેટ મળવાના છે. જેમાં ૧૮ અંબાલા અને ૧૮ પશ્ચિમ બંગાળના હાસીમારા એરબેઝ પર તૈનાત કરવામાં આવશે. હાસીમારા એરબેઝ ચીન અને ભૂતાન સરહદની નજીક છે. બે એન્જિન ધરાવતા આ ફાઈટર જેટમાં બે પાયલટ બેસી શકે છે. ઊંચા વિસ્તારોમાં લડવા માટે જાણીતુ આ ફાઈટર એક મિનિટમાં જ ૬૦ હજાર ફૂટની ઊંચાઈએ જઈ શકે છે.

ભારતે ૨૩ સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ ફ્રાંસીસી એરોસ્પેસ કંપની દસૉલ્ટ એવિએશનથી ૩૬ રાફેલ લડાકૂ વિમાન ૫૯,૦૦૦ કરોડ રૂપિયાની કિંમત ખરીદ્યા હતા. અને આની જ એક ખેપ ભારતમાં આવી છે. ચીન સાથે તણાવ ભરેલી સ્થિતિ વચ્ચે ભારતીય સીમામાં રાફેલની એન્ટ્રીને ખૂબ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

રાફેલ ચોથી પેઢીનું ફાઈટર જેટ છે. તે અનેક ભૂમિકા ભજવવામાં સક્ષમ કોમ્બેટ ફાઈટર જેટ છે. ગ્રાઉન્ડ સપોર્ટ, ડેપ્થ સ્ટ્રાઈક અને એન્ટી શિપ અટેકમાં સક્ષમ છે. તેની તાકાતનો અંદાજો એનાથી લગાવી શકાય છે કે તે નાના ન્યૂક્લિયર હથિયારોને લઈ જવામાં સક્ષમ છે. રાફેલ એરક્રાફ્ટ ૯૫૦૦ કિલોગ્રામ ભાર વહન કરવામાં સક્ષમ છે. તે મહત્તમ ૨૪૫૦૦ કિલોગ્રામ વજનની સાથે ઉડાન ભરી શકે છે. આ ફાઈટર જેટની મહત્તમ સ્પીડ ૧૩૮૯ કિ.મી./કલાક છે. એકવારમાં આ જેટ ૩૭૦૦ કિ.મી. સુધીની સફર કાપી શકે છે. તે હવાથી હવા અને જમીન બંને પર હુમલો કરનારી મિસાઈલથી સજ્જ છે.

### દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૫,૩૧,૬૬૯ પર પહોંચી, ૩૪,૧૯૩ લોકોના મોત

# કોરોના મહાસંકટ: ૨૪ કલાકમાં ફરી ૫૦ હજારની નજીક નવા કેસો

*ન્યુ દિલ્હી,તા.૨૯*

દેશમાં અનલોક-૨ પુરૂ થવામાં છે અને ૧ ઓગસ્ટથી અનલોક-૩માં વધુ છૂટછાટ આપવામાં આવેતેવી ગણતરીઓ વચ્ચે અનલોક-૨ના ૨૮મા દિવસસે ફરીથી ૫૦ હજારની નજીક કોરોના કેસો નોંધાયા હતા.તે સાથે કોરોનાના કેસો ઝડપભેર ૧૫ લાખને પાર થઇ ગયા હતા. સતત ત્રીજી વખત માત્ર ૨ દિવસમાં સંક્રમણના એક લાખ નવા કેસ સામે આવ્યા છે. આજે બુધવારે સવારે છેલ્લાં ૨૪ કલાકમાં વિવિધ રાજ્યોમાં નોંધાયેલા કેસોની આંકડાકિય માહિતી જાહેર કરવામાં આવ્યાં ત્યારે નવા ૪૯,૬૩૨ દર્દી વધ્યા હતા. તે સાથે જ આ જ સમયગાળામાં ૩૪ હજાર ૨૦૦થી વધુ દર્દી સાજા થયા હતા. . અત્યારસુધીમાં ૧૫ લાખમાંથી ૯ લાખ ૮૮ હજારથી વધુ દર્દી સાજા પણ થઈ ચુક્યા છે. જે એક રાહત સમાન કહી શકાય. સૌથી વધુ કેસો હવે મહારાષ્ટ્રને બદલે આંધ્રમાં ૭,૯૪૮ નોંધાયા તો બીજા નંબરે મહારાષ્ટ્રમાંમાં ૭,૭૧૯ કેસો નોંધાયા હતા. ત્રીજા નંબરે તામિલનાડુમાં ૨૪ કલાકમાં ૬,૯૭૨ કેસો નોંધાયા હતા. સારવાર હેઠળના કેસના મામલામાં દિલ્હી હવે ટોપ-૧૦ની બહાર છે.બીજી તરફ મધ્યપ્રદેશમાં જળસંસાધન મંત્રી તુલસી સિલાવટ અને તેમના પત્ની પણ કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. દિલ્હીની લોક નાયક હોસ્પિટલમાં સોમવારે એક પણ કેસ સામે આવ્યો નથી. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ટ્વિટ કરીને આ વાતની માહિતી આપી હતી. દિલ્હીમાં સંક્રમિતોની સારવાર કરતી આ સૌથી મોટી હોસ્પિટલ છે. દેશમાં અત્યાર સુધી ૧.૭૩ કરોડ લોકોની તપાસ થઈ જે પૈકી ૧૫ લાખથી વધુ પોઝિટિવ આવ્યા છે.

આંકડા પર નજર નાંખીએ તો દેશમાં કોરોના દર્દીઓનો આંકડો ગઈકાલે મંગળવારે ૧૫ લાખને પાર થઈ ગયો હતો. અત્યાર સુધી ૧૫ લાખ ૩૨ હજાર ૧૩૫ લોકો સંક્રમણના સંકજામાં આવી ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪૯ હજાર ૬૩૨ દર્દી વધ્યા છે.તો તેની સામે ૩૫ હજાર ૪૮૪ લોકો સાજા પણ થયા છે. વધુ ૭૭૦ લોકોના મોત થયા છે.તો અત્યારસુધીમાં ૯ લાખ ૮૮ હજારથી વધુ દર્દી સાજા પણ થઈ ચુક્યા છે, મંગળવારે ૩૪ હજાર ૨૦૦થી વધુ દર્દી સાજા થતા તેમની રજા પવામાં આવી હતી. હાલમાં દેશમાં . ૫ લાખ ૮ હજારથી વધુ દર્દીઓ સારવાર હેઠળ છે. દિલ્હીમાં કોરોનાના અત્યાર સુધી ૧ લાખ ૩૨ હજાર ૨૭૫ કેસ આવ્યા છે. આ મામલામાં દિલ્હી દેશમાં ત્રીજા નંબરે છે, પરંતુ સક્રિય કેસના મામલામાં તે ટોપ-૧૦ની બહાર છે. હાલમાં અહીંયા માત્ર ૧૦ હજાર ૮૮૭ દર્દીઓની સારવાર ચાલી રહી છે. દેશમાં સંક્રમણનો પ્રથમ કેસ ૩૦ જાન્યુઆરીના રોજ સામે આવ્યો હતો. ત્યારબાદ એકથી પાંચ લાખ કેસ થવામાં ૧૪૬ દિવસનો સમય લાગ્યો હતો. પણ ૫ લાખથી ૧૫ લાખ કેસ થવામાં એટલે કે સંક્રમણના ૧૦ લાખ કેસ થવામાં ફક્ત ૩૨ દિવસનો સમય લાગ્યો છે.

દરમ્યાનમાં, દિલ્હી પછી મુંબઈમાં પણ સીરો સર્વે થયો છે. જેમાં એવું બહાર આવ્યું છે કે શહેરની ઝૂંપડપટ્ટીમાં ૫૭% લોકો કોરોના સંક્રમિત થઈ ચુક્યા છે. સીરો સર્વેમાં વ્યક્તિના શરીરમાં એન્ટીબોડીની હાજરી અંગેની ખબર પડી શકે છે. જો એન્ટીબોડી મળે તો તેનો અર્થ એ છે કે તે વ્યક્તિ કાંતો સંક્રમતિ છે અથવા તો સંક્રમિત થઈને સાજા થઈ ચુક્યા છે. મુંબઈમાં ઝૂંપડપટ્ટી સિવાયના અન્ય વિસ્તારમાં ૧૬% લોકોમાં એન્ટીબોડી મળ્યા છે.

મુંબઈમાં છેલ્લાં ત્રણ મહિનામાં મંગળવારે એક દિવસમાં સૌથી ઓછા કેસ સામે આવ્યા હતા.. રાજ્યના પર્યાવરણ મંત્રી આદિત્ય ઠાકરેએ ટ્વિટ કરીને આ અંગેની માહિતી આપીહતી કે .સોમવારે અહીંયા ૮૭૭૬ સેમ્પલ લેવાયા હતા. જેમાંથી માત્ર ૭૦૦નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો. શહેરમાં ડબલિંગ રેટ હવે વધીને ૬૮ દિવસ અને રિકવરી રેટ ૭૩% થઈ ગયો છે.

### શ્વાસ લેવાની સમસ્યા હોય તો કોરોના વધારે ખતરનાક

# કોરોના વાયરસ સીઝનલ નથી: ડબલ્યુએચઓની ગંભીર ચેતવણી

*જિનિવા,તા.૨૯*

કોરોના વાયરસ પર ડબલ્યુએચઓએ એકવાર ફરી લોકોને ચેતવ્યા છે. ડબલ્યુએચઓનું કહેવું છે કે લોકોએ કોઈપણ પ્રકારનાં ભ્રમમાં ના રહેવું જોઈએ કે કોરોના વાયરસ એક મોસમી બીમારી છે જે ઋતુ બદલાતા ઓછી થઈ જશે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની પ્રવક્તા માર્ગરેટ હેરિસે એક વર્ચ્યુઅલ બ્રીફિંગમાં કહ્યું કે કોરોના વાયરસ મહામારી એક મોટી લહેર છે. હેરિસે ઉત્તર ગોળાર્ધમાં ગરમીનાં હવામાનમાં આ વાયરસને લઈને કોઈપણ પ્રકારની લાપરવાહી ના કરવાની ચેતવણી આપી છે.

હેરિસે કહ્યું કે, કોરોના વાયરસ કોઈ સામાન્ય ઈન્ફ્લૂએન્ઝા જેવો નથી જે ઋતુ બદલવાની સાથે ઓછો થઈ જાય. ડબલ્યુએચઓનાં અધિકારીઓએ હોંગકોંગમાં ફરીવાર કોવિડ-૧૯નાં વધી રહેલા કેસોને લઈને પણ ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે આ વાયરસ માણસોનાં નિયંત્રણની બહાર છે, જો કે આપણે એક સાથે મળીને આને ફેલાતો રોકી શકીએ છીએ. હેરિસે કહ્યું કે, આપણે અત્યારે કોરોના વાયરસની પહેલી લહેરનો સામનો કરી રહ્યા છીએ. આ એક મોટી લહેર બનવાની છે જે ઉપર-નીચે જઈ રહી છે, પરંતુ સૌથી સારી વાત એ છે કે આપણે આ કર્વને ફ્લેટ કરી શકીએ છીએ.

ગરમીનાં હવામાનમાં અમેરિકામાં કોરોનાનાં વધતા કેસોની તરફ ઈશારો કરતા હૈરિસે કહ્યું કે, આપણે વધારે સતર્ક અને સુરક્ષાનાં નિયમોનું પાલન કરવાની જરૂરિયાત છે. તેમણે લોકોને એક સાથે ભેગા ના થવાની પણ ચેતવણી આપી છે. હૈરિસે કહ્યું કે, લોકો અત્યારે પણ આને મોસમી બીમારી તરીકે જોઈ રહ્યા છે. આપણે બધાએ એ સમજવાની જરૂર છે કે આ એક નવો વાયરસ છે, જે અલગ રીતે વ્યવહાર કરી રહ્યો છે અને આ વાયરસ દરેક મોસમમાં રહેવાનો છે. જો તમને પહેલાથી જ શ્વાસ લેવાની બીમારી છે તો તમારા સ્વાસ્થ્ય માટે વધારે ખતરનાક થઈ શકે છે.

### અત્યાર સુધીમાં ૧૫૮ આતંકવાદી ઠાર થયા

# ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ: સેનાએ બે આતંકીને ઠાર માર્યા

*શ્રીનગર,તા.૨૯*

ભારતની સીમામાં ઘુસીને અશાંતિ સર્જવાના મનસૂબા સાથે એલઓસી સુધી આવી ગયેલા બે પાકિસ્તાની આતંકવાદીને સુરક્ષા દળોએ ઠાર કર્યા હતા. આ બંને આતંકવાદી રાજૌરી જિલ્લામાં સરહદ નજીકના વિસ્તારમાંથી ઘુસણખોરી કરવાની વેતરણમાં હતા. લશ્કરી પ્રવક્તાએ આપેલી માહિતી મુજબ આપણા કેટલાક જવાનોએ એલઓસી નજીક નૌશેરા સેક્ટરમાં શંકાસ્પદ હિલચાલ જોઇ હતી. જવાનોએ એ શકમંદોને પડકાર્યા હતા. ત્યારબાદ ત્યાં એક વિસ્ફોટ પણ થયો હતો. તરત જવાનોએ વળતો ગોળીબાર શરૂ કર્યો હતો. જો કે એક માન્યતા એવી પણ છે કે આતંકવાદીઓએ આ વિસ્તારમાં સુરક્ષાના એક ભાગ રૂપે ગોઠવાયેલી સુરંગ પર પગ મૂકતાં સુરંગ ફાટી હતી અને બંને આતંકવાદીઓ માર્યા ગયા હતા. અન્ય એક વ્યક્તિને ઈજા થઇ હતી. ભારતીય લશ્કરના જવાનો આતંકવાદીઓના મૃતદેહની તપાસ કરી રહ્યા હતા. શક્યતા એવી હોઇ શકે કે પાછળ આવી રહેલા આતંકવાદીઓ પોતાના સાથીદારોની લાશ ઉપાડી ગયા હતા. બેમાંથી કોઈની લાશ સુરક્ષા દળોને મળી નહોતી. આ વરસે અત્યાર સુધીમાં ૧૫૮ આતંકવાદીને ઠાર કરવામાં આવ્યા હતા. ભારતીય લશ્કરના અધિકારીઓ માને છે કે જમ્મુ કશ્મીરનો ખાસ દરજ્જો રદ કરવામાં આવ્યો એની પહેલી વરસી (પાંચમી ઑગષ્ટ) નજીક આવી રહી છે ત્યારે આતંકવાદીઓ હુમલો કરવાની ફિરાકમાં હોઇ શકે.સીધી લડાઈમાં ભારતને હરાવી નહીં શકવાથી પાકિસ્તાન પીઠ પાછળથી હુમલા કરતું રહ્યું હતું.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**કોરોના નવા કેસની સંખ્યા: ૧૧૪૪**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો**

**પહોંચ્યો : ૫૯૧૨૬**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**લોકોનાં મૃત્યુ: ૨૪**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**

**દર્દીઓની સંખ્યા : ૭૮૩**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ**

**દર્દીઓની સંખ્યા : ૪૩૧૯૫**

# યુએઈમાં રાફેલ હતા ત્યાં ઈરાને મિસાઈલ હુમલો કરતાં ખળભળાટ

*દુબઇ,તા.૨૯*

યુએઇના જે એરબેઝ ખાતે ભારતના પાંચ રાફેલ વિમાનો ઉભા હતા ત્યાં નજીક ઇરાને મિસાઇલ હુમલો કર્યો હોવાનું બહાર આવ્યું છે.

અમેરિકા સાથે ચાલી રહેલા તનાવ વચ્ચે ઇરાને ગઇકાલે યુએઇ સ્થિત અલ ધ્રાફા એરપોર્ટ પાસે અનેક મિસાઇલો છોડી હતી. ત્યાં રાફેલ વિમાનો પણ ઉભા હતા. એટલું જ નહિ તેના પાયલોટ પણ હતા. ઇરાની મિસાઇલ હુમલાને જોતા ભારતીય પાયલોટને સલામત સ્થળે લઇ જવાયા હતા.

અમેરિકી સેન્ટ્રલ કમાન્ડે ઇરાનના મિસાઇલ ટેસ્ટની પુષ્ટિ કરી છે અને કહ્યું છે કે ઇરાને સ્ટ્રેટ ઓફ હરમુ જ પાસે અનેક મિસાઇલો છોડી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ઇરાનની મિસાઇલોએ અખાત સ્થિત અમેરિકી અને ફ્રાંસના સૈન્ય અડ્ડાઓ પાસે મિસાઇલ પરિક્ષણ કર્યું હતું. ઓછામાં ઓછી ત્રણ મિસાઇલ દરિયાની અંદર પડી હોવાનું બહાર આવ્યું છે. કહેવાય છે કે ઇરાન એ વિસ્તારમાં સૈન્ય અભ્યાસ કરી રહ્યું છે. આ ઇરાની મિસાઇલો કતરના અલ ઉદેઇદ અને યુએઇના અલ ધ્રાફા એરપોર્ટ પાસે પડી ત્યાં ભારતના રાફેલ પડયા હતા. ઇરાનના હુમલા બાદ સમગ્ર ફ્રાંસના એરબેઝને હાઇએલર્ટ પર રાખી દેવાયા છે અને ભારતીય પાયલોટને સુરક્ષિત સ્થળે લઇ જવાયા હતા.

ઇરાનના અર્ધસૈનિક રિવોલ્યુશ્નરી ગાર્ડે ગઇકાલે વ્યુહાત્મક રીતે મહત્વના હોરમુજમાં નકલી વિમાન વાહક જહાજ પર હેલીકોપ્ટર થકી મિસાઇલ હુમલો કર્યો હતો જે મોકડ્રીલ હતો. જેનો હેતુ તહેરાન અને વોશિંગ્ટનમાં વધેલા ટેન્શન વચ્ચે અમેરિકાને ધમકી આપવાનો હતો. ઇરાનના સૈનિકોએ ડ્રોનને લક્ષ્ય રાખી એક જગ્યાએથી એન્ટી એર ક્રાફ્ટ બેટરીઓ પરથી નિશાન લીધું હતું.

## તંત્રી સ્થાનેથી...

# કોરોનાએ લોકોને વૃક્ષ-છોડ વાવેતર કરવા પ્રેરણા આપી કે શું.....?

વિશ્વમાં કોરોના મહામારી ને કારણે અનેક દેશોએ લોકડાઉન કરતા પર્યાવરણમાં મોટો બદલાવ આવી ગયો હતો. વાતાવરણમાં કાર્બનનું પ્રમાણ પણ ઘટી જવા પામ્યું હતું. અને તેના કારણે લોકોને કુદરતી વાતાવરણ શું છે...કેવું હોય.. તેનો અનુભવ થવા લાગ્યો હતો.અસ્થમા સહિતના અનેક દર્દીઓને મોટી રાહત થઈ ગઈ હતી. હવા શુધ્ધ થવા પામી હતી - ઓક્સિજનનું પ્રમાણ વધવા પામેલ હતું. તો કાર્બનનું પ્રમાણ નહીંવત્ થઈ ગયું હતું જે કારણે દૂરના કુદરતી સર્જનો તેમજ માનવ સર્જીત મહાલયો સ્પષ્ટ દેખાવા લાગ્યા હતા,મોટા ભાગની નદીઓમાનુ પ્રદુષણ ખતમ થઈ જતાં શુધ્ધ-નિર્મળ જળના દર્શન થવા લાગ્યા હતા.ભારત ભરમાં શહેરી વિસ્તારમાંથી જે પશુ-પક્ષી ગુમ થઈ ગયા હતા તે ઉડતા કે હરતા ફરતા જોવા મળવા લાગ્યા હતા. જંગલના પશુ-પક્ષીઓ પણ શહેરો નજીકમાં હરતાં ફરતાં જોવા મળી રહ્યા હતા. વાતાવરણ શુધ્ધ થઈ જતા આમ પ્રજાને ઓક્સિજન ની કિંમત શું છે તેનુ જ્ઞાન આવી ગયું તે એક હકીકત છે.....! ત્યારે અત્યારે ચોમાસાની ઋતુમાં જે લોકો જાગૃત છે તે લોકો પોત પોતાની સુવિધા અને અનુકૂળતા મુજબ નાના-મોટા છોડ અને વૃક્ષો વાવવાની શરૂઆત કરી દીધી છે. જે એક શુભ શરૂઆત છે. વાતાવરણને શુદ્ધ કરવા અને વાવેતરમાં પણ વધુ પ્રમાણમાં ઓક્સિજન આપતા વૃક્ષો અને છોડવાનું વાવેતર કરવા ઉપરાંત હેલ્થ ઉપયોગી તુલસી, અજમો,ગળો જેવા જરૂરી છોડવા તથા વેલ પોતાના ઘરના કુંડામાં કે જમીન હોય તો તેમાં કરવા તરફ ધ્યાન આપી રહ્યા છે. અનેક પરિવારો પોતાના મકાન ફરતે જમીન હોય તો તે જમીનને ફળદ્રુપ બનાવવા સાથે ફળ-છોડ તેમજ વિવિધ શાકભાજીનું વાવેતર કરવા લાગ્યા છે. તો ધાબા ઉપર પણ કુડાઓ મૂકીને વિવિધ શાકભાજી કે જરૂરી આયુર્વેદ ફૂલ, છોડવાઓનું વાવેતર કરવા લાગ્યા છે. સોસાયટીઓમાં કોમન પ્લોટોમાં લીમડો, મીઠો લીમડો, સરગવો, પીપર, આસોપાલવ જેવા વૃક્ષોનું વાવેતર કરવા લાગ્યા છે. ગ્રામ્ય સ્તરે પીપળો,પીપર, વડ, લીમડો સહિતના અનેક પ્રકારના વૃક્ષોનું વાવેતર થવા લાગ્યું છે. શહેરોમાં વિવિધ સંસ્થાઓ, શાળાઓ,સોસાયટીઓ અને મંડળો પણ વૃક્ષારોપણ તરફ ધ્યાન આપવા લાગ્યા છે..... પરંતુ કરેલું વાવેતર પુખ્ત બની વિશાળ બની જાય તે તરફ ધ્યાન આપવું જરૂરી છે અને તો જ કુદરતના સાચા સહયોગી કે સાથીદાર કહેવાય.... બાકી તો....જે તે રાજ્ય સરકારો પણ વૃક્ષારોપણ કાર્યક્રમો દર વર્ષે કરે છે લાખો વૃક્ષના રોપાઓનુ વાવેતર કરે છે તેની પાછળ કરોડો રૂપિયા ખર્ચ કરે છે પરંતુ આવા વૃક્ષો પૈકી કેટલા ખીલી ઉઠ્યા....? તેની કોઈ સંખ્યા નહીં મળે.....! સરકારી વૃક્ષારોપણની સંખ્યાનો ટોટલ કરો તો ભારતમાં-વાતાવરણમા-પર્યાવરણમા ઓક્સિજનની ઉણપ ન હોત... પર્યાવરણ પણ સલામત-વાતાવરણ શુદ્ધ હોત અને ઋતુ બદલાવની અસર પણ નહીંવત્ થઈ હોત.....!

વિશ્વભરમાં જે રીતે ક્લાઈમેન્ટ ચેન્જ થઈ રહ્યું છે તે રીતે થતું રહેશે તો વિશ્વમાં ૭૫% દરિયો અને ૨૫ ટકા જમીન છે....તે જમીન બચ્ચે કે કેમ....? તે મોટો સવાલ છે. વિશ્વનું તાપમાન વધી રહ્યું છે. કાયમી બરફાચ્છીત રહેતા વિસ્તારોનો બરફ ઓગળવા લાગ્યો છે. ત્યારે વિશ્વના દેશોએ વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર કરવા તરફ વિશેષ અભિયાન ચલાવવાની જરૂર છે. તે સાથે વિકાસ કાર્યોના નામે રહેણાંકને માટે જમીનનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂકવા સાથે રહેણાકના માટે ઊંચા બિલ્ડિંગો બાંધવા જોઈએ... તો લોકોની હેલ્થને નુકસાન કરતા ઉત્પાદનો કે જમીનોને નુકસાન કરતાં -રણ બનાવતા ઉત્પાદનો ઉપર ટોટલી પ્રતિબંધ મૂકી દેવો જરૂરી છે.... અને આ માટે વિશ્વસ્તરે નિર્ણય કરવો પણ અતિ જરૂરી છે જેની સાથે અમલ પણ.....!જો આ રીતે અમલમાં મુકાય તો વિશ્વની આબોહવામાં સુધારો થશે, વિશ્વ સુરક્ષિત-સલામત થશે. પરંતુ શરત એટલી કે વિશ્વભરના દેશો વધુમાં વધુ વૃક્ષો...જે ઓક્સિજન વધુ આપતા હોય તેવા વૃક્ષોનું વાવેતર કરવા સાથે તેને વિશાળ થવામાં ફળદ્રુપ થવાનુ જતન કરે.. નહીં.. તો.... વિશ્વ માત્ર ૨૫ ટકા જમીન પર જ છે... બાકી દરિયો....! એ બાબત યાદ રાખવાની જરૂર છે.....!?

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૨૨૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૩૦-૭-૨૦૨૦, ગુરૂવાર, શ્રાવણ સુદ-૧૧
સૂર્યોદય-૬-૧૯, સૂર્યાસ્ત-૭-૨૭, જૈન નવકારશી-૭-૦૭,
આજની રાશિ : વૃશ્ચિક (ન.ય.), નક્ષત્રઃ અનુરાધા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૬-૧૯થી શુભ-૭-૫૮ સુધી,૧૧-૧૫ થી ચલ-લાભ-અમૃત-૧૬-૧૦ સુધી,૧૭-૪૯થી શુભ-અમૃત-ચલ-૨૨-૧૦ સુધી

- શુભ હોરા-
૬-૧૯થી ૭-૨૫ સુધી,૯-૩૬થી ૧૨-૫૩ સુધી,૧૩-૫૯થી ૧૫-૦૪ સુધી,૧૭-૧૬ થી ૨૦-૨૧ સુધી



જમ્મુમાં અનલોક ૨.૦ દરમિયાન, મચ્છરદાની વેચતો એક વિક્રેતા બેડનેટમાંથી એકની અંદર બેસે છે.

# મુંબઈની ઝૂંપડપટ્ટીના ૫૭% લોકો, અન્ય વિસ્તારના ૧૬% લોકો કોરોનાથી સંક્રમિત



મુંબઇ,તા.૨૯

મહારાષ્ટ્રના મુખ્ય મથક એવા મુંબઈમાં કોરોના સંક્રમણ અંગે હાથ ધરાયેલા એક અભ્યાસમાં એવું તારણ બહાર આવ્યું છે કે ઝૂંપડપટ્ટીમાં રહેતા ૫૭ ટકા લોકો જ્યારે અન્ય વિસ્તારના ૧૬ ટકા લોકો કોરોનાથી સંક્રમિત થયા છે. લોહીના નમૂના લઈને કરાયેલા સર્વેમાં ઝૂંપડપટ્ટીમાં અડધો અડધી વધુ લોકોમાં જ્યારે અન્ય વિસ્તારમાં ત્રણ વોર્ડમાં રહેતા ૧૬ ટકા લોકોમાં એન્ટી બોડી વિકસી હોવાનું માલૂમ પડ્યું હતું. બૃહમુંબઈ મહાનગરપાલિકા દ્વારા ૩ જૂનથી હાથ ધરાયેલા સીરો-સર્વેલન્સમાં કુલ ૮,૮૭૦ સેમ્પલ પૈકી ૬,૯૩૫ સેમ્પલ ઝૂંપડપટ્ટી વસ્તારમાંથી અને ત્રણ સિવિક વોર્ડ આર-નોર્થ, એમ-વેસ્ટ તેમજ એફ-નોર્થમાંથી લેવામાં આવ્યા હતા. જુલાઈના પ્રથમ સપ્તાહ સુધી આ કામગીરી કરવામાં આવી હતી. આ તમામ સેમ્પલની ચકાસણી પરથી જાણવા મળ્યું કે કોરોનાના દર્શાવવામાં આવેલા આંકડા પૈકી વધુ લોકો કોરોનાથી સંક્રમિત થયા હોવાની સંભાવના છે. આ ઉપરાંત સંક્રમિતો પૈકી મોટાભાગના લોકોમાં લક્ષણવગરનો કોરોના હોવાનું પણ જણાયનું હતું, સીરો-સર્વેલન્સ એ લોહીના નમૂનાની તપાસ છે જેમાં કોઈ વ્યક્તિમાં અગાઉ આ બીમારી થઈ હતી કે કેમ તેનો અંદાજ મેળવી શકાય છે. સર્વે મુજબ ૫૭ ટકા ઝૂંપડપટ્ટીમાં રહેલી વસ્તી અને ૧૬ ટકા અન્ય વિસ્તારમાં રહેતી વસ્તી કોરોના સંક્રમિત મળી આવી હોવાનું બીએમસીએ જાણ્યું હતું.

આ સર્વેલન્સ મુજબ એસિમ્પ્ટોમેટિક કેસો સૌથી વધુ હોવાનું બહાર આવ્યું છે. આ ઉપરાંત પુરૂષોની તુલનાએ મહિલાઓમાં કોરોના સંક્રમણ વધુ ફેલાયું છે. બીએસઈના મેત ઝૂંપડપટ્ટી વિસ્તારમાં કોરોના સંક્રમણ ફેલાવવાનું પ્રમાણ ઊંચું હોવા પાછળ ત્યાંની ગીચતા અને લોકો દ્વારા ટોયલેટ અને પાણીના સ્રોત માટે એક જ સામાન્ય વ્યવસ્થા જવાબદાર પરિબળો છે.

સીરો-સર્વેલન્સ સર્વે મુજબ એક તારણ એવું પણ જણાયું છે કે ઈન્ફેક્શન ફેટાલિટી રેટ (મૃત્યુદર) ખૂબ જ નીચો ૦.૦૫-૦.૧૦ ટકા જણાયો છે. ઝૂંપડપટ્ટી વિસ્તારમાં નીચા મૃત્યુદર પાછળ લોકો દ્વારા સોશિયલ ડિસ્ટન્સિંગનું થતું યોગ્ય પાલન તેમજ માસ્ક અને હાઈજિન સહિતની તકેદારી પણ મહત્વનું પરિબળ હોવાનું જણાય છે. ૨૮ જુલાઈના રોજ મુંબઈમાં કુલ ૧,૧૦,૮૪૬ કોરોના પોઝિટિવ કેસો નોંધાયા છે અને કુલ ૬,૧૮૪ લોકોના મોત થયા હોવાનું સરકારી ડેટા પરથી જણાયું છે.

# ક્રૂડ તેલમાં ૨૭,૧૦,૬૦૦ બેરલ્સના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં વૃદ્ધિઃ નેચરલ ગેસમાં મામૂલી ઘટાડો

## સોનાના વાયદાના ભાવમાં સીમિત રેન્જમાં વધઘટઃ ચાંદીમાં તેજીની આગેકૂચઃ બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણઃ સીપીઓમાં સાધારણ સુધારોઃ કપાસ, મેન્થા તેલ ઢીલાંઃ પ્રથમ સત્રમાં રૂ.૧૬,૧૨૬ કરોડનું ટર્નઓવર

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૩૧૬૩૧ સોદામાં રૂ. ૧૬,૧૨૬.૧૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોનાના વાયદાના ભાવમાં સીમિત રેન્જમાં વધઘટ હતી, જ્યારે ચાંદીમાં તેજીની આગેકૂચ રહી વાયદા વધુ વધ્યા હતા. બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં ૨૭,૧૦,૬૦૦ બેરલ્સના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં વૃદ્ધિ રહી હતી, જ્યારે નેચરલ ગેસમાં મામૂલી ઘટાડો હતો. કૃષિ કોમોડિટીઝમાં સીપીઓમાં સાધારણ સુધારા સામે કપાસ અને મેન્થા તેલ ઢીલાં હતાં. કોટન જળવાયેલું હતું.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૬૫૫૧૦ સોદાઓમાં રૂ. ૧૧૬૪૯.૫૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૨૫૫૦ ખૂલી, ઊપરમાં રૂ. ૫૨૮૪૬ અને નીચામાં રૂ. ૫૨૪૧૫ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૭ વધીને રૂ. ૫૨૬૫૮ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૬ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ. ૪૨૫૯૯ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૫ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૫૨૮૨ થયા હતા, જ્યારે સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૮ ઘટીને બંધમાં રૂ. ૫૨૭૦૩ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૬૫૨૪૯ ખૂલી, ઊપરમાં રૂ. ૬૫૭૪૯ અને નીચામાં રૂ. ૬૪૬૬૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૯૪ વધીને રૂ. ૬૫૨૯૮ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ. ૨૬૨ વધીને રૂ. ૬૫૩૩૬ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ રૂ. ૨૮૪ વધીને રૂ. ૬૫૩૪૪ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૪૫૬૩ સોદાઓમાં રૂ. ૧૬૨૬.૪૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૦૮૨ ખૂલી, ઊપરમાં રૂ. ૩૧૧૦ અને નીચામાં રૂ. ૩૦૬૮ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૨ વધીને રૂ. ૩૦૯૯ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૧૫૯૭ સોદાઓમાં કુલ રૂ. ૧૫૩.૪૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જુલાઈ વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૬૦૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૦૫૦ અને નીચામાં રૂ. ૧૬૦૦૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે કોઈ ફેરફાર વગર આગલા રૂ. ૧૬૦૩૦ના જ સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૭૩૫.૭ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩.૮ વધીને બંધમાં રૂ. ૭૩૬.૧ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જુલાઈ વાયદો કિલોદીઠ રૂ. ૯૧૯ ખૂલી, ઊપરમાં રૂ. ૯૨૦ અને નીચામાં રૂ. ૯૧૯ રહી, અંતે રૂ. ૯૧૯.૭ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૯૬૮ ખૂલી, ઊપરમાં રૂ. ૯૭૧ અને નીચામાં રૂ. ૯૬૫.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે ૫૦ પૈસા ઘટીને રૂ. ૯૬૭ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૯૫૭૭ સોદાઓમાં કુલ રૂ. ૫૮૮૭.૪૬ કરોડ ની કીમતનાં ૧૧૧૭૩.૨૮૮ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૧૩૫૯૩૩ સોદાઓમાં કુલ રૂ. ૫૭૬૨.૧૦ કરોડ ની કીમતનાં ૮૮૧.૮૦૬ ટન, ક્રૂડ તેલમાં ૧૮૧૫૫ સોદાઓમાં રૂ. ૮૩૮.૧૭ કરોડનાં ૨૭૧૦૬૦૦ બેરલ્સ, કોટનમાં ૬૬ સોદાઓમાં રૂ. ૮.૫૪ કરોડનાં ૫૩૦૦ ગાંસડી, સીપીઓમાં ૧૪૨૨ સોદાઓમાં રૂ. ૧૩૬.૨૮ કરોડનાં ૧૯૦૨૦ ટન, મેન્થા તેલમાં ૮૦ સોદાઓમાં રૂ. ૮.૦૯ કરોડનાં ૮૭.૪૮ ટન, કપાસમાં ૨૯ સોદાઓમાં રૂ. ૫૮.૦૬ લાખનાં ૧૨૦ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૦૩૬૨.૪૫૭ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૧૬.૩૨૨ ટન, ક્રૂડ તેલમાં ૫૩૪૮ બેરલ્સ, કોટનમાં ૮૧૬૭૫ ગાંસડી, સીપીઓમાં ૮૩૯૪૦ ટન, એલચીમાં ૦.૩ ટન, મેન્થા તેલમાં ૧૩૮.૨૪ ટન અને કપાસમાં ૬૩૬ ટનના સ્તરે રહ્યો હતો. સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૨૫૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૦૧૯ ખૂલી, ઊપરમાં રૂ. ૨૦૬૯.૫ અને નીચામાં રૂ. ૧૯૧૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૦૧૨.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૫૨ ખૂલી, ઊપરમાં રૂ. ૩૫૨ અને નીચામાં રૂ. ૩૨૩ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૩૪.૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૬૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૨૬૪૯ ખૂલી, ઊપરમાં રૂ. ૨૮૨૦ અને નીચામાં રૂ. ૨૩૮૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૬૨૯.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૬૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૩૫૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૫૦૦ અને નીચામાં રૂ. ૧૧૫૯.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૧૯૮ બંધ રહ્યો હતો. ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૩૧૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૩૪ ખૂલી, ઊપરમાં રૂ. ૧૪૪.૯ અને નીચામાં રૂ. ૧૨૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૪૧.૯ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૯૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૧૫ અને નીચામાં રૂ. ૯૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦૦.૭ બંધ રહ્યો હતો.

# લગ્ન સંબંધમાં અંગત અવરોધો ટાળો




દીકરીના લગ્ન અને લગ્ન પછી તેનું નવા ઘરમાં જવું, ત્યાના લોકો સાથે મનમેળ કરીને રહેવું આ બધુ કેવી રીતે થઇ શકશે, તે ચિંતા દરેક માતા-પિતાને હોય છે. દરેક વ્યક્તિના લગ્નજીવનમાં પડકારો હોય છે, નવું વાતાવરણ, નવા લોકો, આવા સમયે માતા-પિતા તેમની દીકરીના લગ્નજીવનને લઇને વધારે ચિંતિત રહેવા લાગે છે. જોકે દીકરાના લગ્ન પછી તેના માતા-પિતા પણ આ પ્રકારની અનેક મૂંઝવણો અનુભવતા હોય છે. બે વ્યક્તિ જ્યારે નિકટના સંબંધથી, નામથી જોડાય છે, ત્યારે તેમના કુટુંબની બંનેને લઇને મનમાં જે ગડમથલ ચાલે છે, તે ઘણીવાર વ્યક્તિના અંગત સંબંધોમાં ઉથલપાથલ લાવી દેતી હોય છે.

દીકરીના માતા-પિતાની મૂંઝવણો અને ઉકેલ

આજકાલના માતા-પિતા તેમની દીકરીના દાંમ્પત્યજીવનને લઇને વધારે પ્રમાણમાં ચિંતિત રહેવા લાગ્યા છે. જોકે ભારતીય સમાજમાં જે ફેરફારો થઇ રહ્યા છે, તેની અસર પારિવારીક સંબંધોમાં પણ જોવા મળી રહી છે. છેલ્લા બે-ત્રણ દાયકામાં છોકરીઓ પ્રત્યેની લોકોની વિચારસરણીમાં ઘણું મોટું પરિવર્તન આવ્યું છે. પહેલા દીકરીને ફક્ત પારકી થાપણ માનીને જ મોટી કરવામાં આવતી હતી. ઘરના દરેક કાર્યને તે શીખતી અને તેના ઉછેરનું એકમાત્ર સૂત્ર લગ્ન પછી પારકે ઘેર જવાનું છે એ રહેતું. જેના લીધે પહેલાના લોકો દીકરીઓને કડક અનુસાશનમાં રાખીને સહનશીલ બનાવવાનો પ્રયત્ન કરતા હતા. જેથી તે સાસરીયાના નવા વાતાવરણમાં રહેવામાં અને ઓતપ્રોત થવામાં કોઇ તકલીફ ઊભી ન થાય.

હવે સમય બદલાયો છે. આજના શિક્ષિત મધ્યમવર્ગીય પરિવારોમાં દીકરા-દીકરી વચ્ચે કોઇ ભેદભાવ રાખવામાં આવતો નથી. દીકરીને ખૂબ જ પ્રેમથી ભણાવે છે, ભણતર અને કરિયરની બાબતમાં તેના ભાઈની સાથે તેને સરખી તક પૂરી પાડે છે. દીકરાની જેમ જ દીકરી સાથે તેમનો ખૂબ ઊંડો લાગણીનો સંબંધ જોડાયેલો હોય છે. એટલા માટે જ લગ્ન પછી પણ તેઓ દીકરીની તરફથી સુંપૂર્ણ પણે નિશ્ચિંત રહી શકતા નથી. તેમની આ ચિંતા જ ઘણીવાર દીકરીના લગ્નજીવનમાં તણાવ ઊભા કરવાનું કારણ બની જાય છે.

માતા-પિતાની દખલગીરી નવવિવાહીતના જીવનમાં દરાર પડવાનું સૌથી મોટું કારણ બને છે. હવે તો આ દખલગીરી દીકરીના માતા-પિતા તરફથી વધારે થવા લાગી છે. દીકરી મા-બાપના ઘરેથી લગ્ન કરીને નવા વાતાવરણમાં જાય છે. દીકરીના માતા-પિતાને સતત ચિંતા રહે છે કે તેમની દીકરીને કોઇ તકલીફ તો નહી થાય ને. તેઓ ઈચ્છે છે કે સાસરે પહોંચીને તેમની દીકરી ત્યાં પોતાનું મહત્વનું સ્થાન બનાવી લે. જેના કારણે ઘણીવાર માતા-પિતા દીકરીને વધુ પડતી સલાહો આપે છે, જેના કારણે તેનું દાંમ્પત્ય જીવન સુખી થવાના બદલે બગડી શકે છે.

કોઇપણ નવો સંબંધ હોય તો તે થોડો સમય માગે છે. એકબીજા સાથે મનમેળ કરવા માટે થોડા સમયની જરૂર હોય છે. જ્યારે કોઇ નવવધૂ પહેલીવાર સાસરીયે જાય ત્યારે જરૂરી છે કે તેના નવા જીવનની શરૂઆતમાં કોઇપણ પ્રકારનો હસ્તક્ષેપ ન થાય. તેના માટે દીકરીના માતા-પિતાની જવાબદારી બની રહે છે કે દીકરીના લગ્ન પછી તેને સાસરીયાના નવા વાતાવરણમાં ખૂબ જ સહજતાથી અનુકૂળ થવા દેવી જોઇએ. તેના માટે માતા-પિતાએ કેટલીક બાબતોનું ધ્યાન રાખવું ખૂબ જરૂરી છે.

--- તમારી દીકરીને સાસરે બધાની સાથે સારો વ્યવહાર કરવાની સલાહ આપો. તેનાથી તેના માટે નવા વાતાવરણમાં ભળી જવું સરળ બની જશે.

--- દરેક ઘરની રહેણીકરણી અલગ હોય છે. તમારી દીકરી પરણીને જે ઘરમાં જાય છે, તેને ત્યાંના વાતાવરણ પ્રમાણે રહેવા દો. તેની સાથે તેના ઘરની વાતો વિશે વધારે પૂછપરછ કરવી નહીં.

--- નાની નાની બાબતોને લઇને તમારા કુટુંબની સાથે દીકરીના સાસરીયાની તુલના કરવી નહી

--- જો તમને ત્યાની કોઇ વાત ન ગમતી હોય તો દીકરીની સામે તેની ચર્ચા ન કરો.


--- નવપરિણીત દીકરીના સાસરીયા સાથેનો વ્યવહાર ખૂબ સરળ અને આનંદીત રાખો.

--- દીકરીની વિદાય થયા બાદ દર કલાકે પિયરના લોકો ફોન કરીને તેની ખબરઅંતર પૂછવા લાગે છે, આવું ક્યારેય ન કરવું. આ યોગ્ય નથી. તેને નવા વાતાવરણમાં સાસરિયા સાથે હળવા મળવાનો સમય આપો.

--- દીકરીની વિદાય પછી ઘરના વાતાવરણમાં ખાલીપો વર્તાય છે; પણ લગ્ન પછી તેની પ્રાથમિકતા બદલાઇ જાય છે. તેને પતિની સાથે સાસુ-સસરાની ઈચ્છા અને જરૂરિયાતોનું પણ ધ્યાન રાખવાનું હોય છે. જો તે તમને મળવા માટે સમય કાઢી ન શકે તો આ વાતને લઇને કોઇ ફરીયાદ કરવી કે નારાજ થઇ જવું નહીં.

--- તેને વારંવાર સલાહ આપવી નહીં. જો તે ક્યારેય સાસરિયા વિશે તમારી પાસે કોઇ સલાહ માંગે તો કોઇ નાની બાબત માટે કોઇ એવી સલાહ ન આપી બેસતા કે ભવિષ્યમાં તેના સંબંધ માટે તે નુકસાનકારક સાબિત થાય.

--- આજની યુવતીઓ શિક્ષિત અને આત્મનિર્ભર છે. પોતાની સારી-નરસી બાબતો સારી રીતે જાણી શકે છે. તેથી લગ્નબાદ તમારી દીકરીને તેના જીવન સાથે જોડાયેલા મહત્વના નિર્ણયો જાતે જ લેવા દો.



દીકરાના માતા-પિતાની મૂંઝવણો અને ઉકેલ

એવું નથી કે લગ્ન વખતે ફક્ત દીકરીના માતા-પિતાને જ ચિંતા હોય છે. દીકરાના માતા-પિતા પણ પોતાને અસુરક્ષિત હોવાનો અનુભવ કરતા હોય છે. ખાસ કરીને માતાને દીકરા સાથે વધારે લાગણી જોડાયેલી હોય છે, જેના કારણે દીકરાના લગ્ન વખતે તે એક પ્રકારના લાગણીસભર મૂંઝવણોમાંથી પસાર થઇ રહી હોય છે. તેના મનમાં વારંવાર એક જ વિચાર આવે છે કે વહુના આવ્યા પછી દીકરાનો પ્રેમ વહેચાઇ જશે. નવા સંબંધમાં બંધાઇ ગયા પછી તેની જવાબદારીઓ વધી જશે. હવે તે પહેલાની જેમ તેની મા માટે સમય પણ નહીં કાઢી શકે. આવા સમયે ભાવિ સાસુએ ખૂબ જ ધીરજથી કામ લઇને સાવચેતી રાખીને નવી વહુ સાથે પોતાનો સંબંધ મધુર બનાવવાનો પ્રયત્ન કરવો જોઇએ. તેના માટે દીકરાની માતાએ કેટલીક બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઇએ.

--- માતાના દિલમાં તેના દીકરા માટે અતૂટ પ્રેમ હોય છે પણ લગ્ન પછી તે દીકરો પત્ની સાથે જોડાય છે. જેમાં પ્રેમની સાથે ઘણીબધી જવાબદારીઓ પણ હોય છે. તેથી લગ્ન પછી દીકરાને સંપૂર્ણપણે વ્યક્તિગત મહત્વ આપો. જેથી તે પોતાના નવા સંબંધને સારી રીતે સમજી શકે.

--- લગ્ન પછી તરત આવી પડેલી જવાબદારીઓના કારણે ઘણીવાર યુવકો મૂંઝવણ અનુભવતા હોય છે. તેમના મનમાં હંમેશા ગડમથલ ચાલતી રહે છે કે માતા અને પત્ની બંનેને એકસાથે કેવી રીતે ખુશ રાખી શકું. તેવામાં દીકરા માટે માતાનો સહયોગ સૌથી વધારે મહત્વનો બની રહે છે. જ્યારે તેની સાથે તમારું વર્તન સહજ રહેશે તો તે પતિ અને દીકરા બંને રૂપમાં તેની બંને જવાબદારીઓને વધારે સારી રીતે નિભાવી શકશે.

--- તમારા દીકરા સાથે હવે તેની જીવનસંગિની પણ છે. જો તમે વહુને દીકરીની જેમ પ્રેમ કરશો તો તેનાથી તમારા દીકરાના મનમાં તમારું સ્થાન વધારે ઊંચુ થઇ જશે. આજની યુવાન પેઢી આઝાદ વિચારો ધરાવનાર છે. વહુને તેની રીતે જીવવાની પૂરેપૂરી સ્વતંત્રતા આપો. તેનાથી તે સાસરીયામાં સરળતા અનુભવશે. તેને નવા વાતાવરણમાં એડજસ્ટ કરવામાં કોઇ મુશ્કેલી પડશે નહીં.

--- વહુને તમે દીકરીની જેમ પ્રેમ કરો પણ નાની નાની બાબતોમાં તમારી પોતાની દીકરી સાથે તેની તુલના ન કરો અને ટોકશો નહીં. કારણકે દરેક વ્યક્તિનું વ્યક્તિત્વ બીજા કરતા અલગ હોય છે.

--- દરેક સંબંધ ત્યારે જ મજબૂત બને છે, જ્યારે તેને તમે તેની ખૂબીઓ અને ખામીઓ સાથે સંપૂર્ણપણે સ્વીકારો. તમારા ઘરની વહુને ખુલ્લામનથી સ્વીકારો.

નવ દંપતીઓ પર નવો ઘરસંસાર ઊભો કરવાની જવાબદારી હોય છે. તેથી માતા-પિતા તેમને તેમના પૂર્વગ્રહોના પીંજરામાં કેદ કરવાનો પ્રયત્ન ન કરવો જોઇએ; પરંતુ તેમની લાગણીને સમજીને તેમને તેમની રીતે જીવવા માટે સ્વતંત્રતા આપવી જોઇએ, ત્યારે જ તેમને નવા સંબંધોનું સાચું મહત્વ સમજાશે.

# રાજકોટમાં ૩૫૦૦ બેડની કોવિડ હોસ્પિટલ બનશેઃ રૂપાણી




રાજકોટ,તા.૨૯

સૌરાષ્ટ્ર સહિત રાજકોટમાં કોરોના વાયરસનાં સંક્રમણના કેસ વધવાને કારણે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ રાજકોટની સમીક્ષા કરવા જિલ્લા કલેક્ટર કચેરી પહોંચ્યા છે. કલેક્ટર કચેરીમાં કોરોનાની મહામારી અંગે કલેક્ટર, કમિશનર, કે.કૈલાશનાથન, અનિલ મુકિમ, જયંતિ રવિ, સાંસદ રમેશ ધડુક સહિત ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજવામાં આવી છે. અહીં સીએમ વિજય રૂપાણીએ મીડિયા સાથેન વાતચીતમાં મહત્વની વાત જણાવી છે. તેમણે કહ્યું કે, રાજકોટમાં ૩૫૦૦ બેડની કોવિડ બેડની વ્યવસ્થા કરવામાં આવશે. સીએમ વિજય રૂપાણીએ જણાવ્યું કે,કોવિડ મામલે અન્ય રાજયો કરતા ગુજરાતની સ્થિતિ સારી છે. રાજ્યમાં પહેલા સાત ટકા મૃત્યુદર હતો જેનો ચાર ટકા થયો છે.

રિકવરી રેટ પણ વધીને ૭૪ ટકા થયો છે. ગુજરાત દેશમાં કોરોનાની સ્થિતિમાં ૧૨માં નંબરે આવી ગયુ છે. અમદાવાદની ચર્ચા આખા દેશમાં થઇ રહી છે. સુપ્રીમકોર્ટે પણ કોરનાનું ગુજરાત મોડલ વખાણ્યું છે. સીએમ રૂપાણીએ રાજકોટવાસીઓને વધુમાં જણાવ્યું કે, રાજકોટવાસીઓ ચિંતા ન કરે અહીં કોવિડનાં દર્દીઓ માટે ૩૫૦૦ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. સૌરાષ્ટ્રનાં મોટાભાગનાં કોવિડ દર્દીઓ રાજકોટમાં આવે છે. આ સાથે રાજકોટમાં કાલથી ડબલ ટેસ્ટ કરવામાં આવે. જેથી વધુ લોકો સંક્રમિન ન થાય. નોંધનીય છે કે, અમદાવાદમાં ૧૫૦૦ બેડની હૉસ્પિટલ છે. મહત્વનું છે કે, રાજકોટ શહેરના ત્રણ ધારાસભ્યો મિટિંગમાં હાજર રહ્યા હતા.

ધારાસભ્યો સાથે રાજકોટ શહેરની પરિસ્થિતિ અંગે સમીક્ષા કરવામાં આવી હતી. ત્રણ ધારાસભ્યોમાં ગોવિંદ પટેલ, લાખા સાગઠિયા અને અરવિંદ રૈયાણીએ બેઠકમાં હાજરી આપી હતી. આ સાથે ઝસ રૂપાણીના આગમન પહેલા જ આજે રાજકોટમાં કોરનાથી ૯ લોકોના મોત નિપજ્યા છે. બીજી તરફ જિલ્લા કલેક્ટર કચેરીમાંથી એક શંકાસ્પદ વ્યક્તિની અટકાયત કરવામાં આવી છે. મોતના આંકડામાં જોવા મળતી વિસંગતતા અંગે મુખ્યમંત્રીએ જવાબ માગ્યો છે.




# ગુજરાતી રંગભૂમિના ઘડવૈયા અજિત શાહ



તારીખ ૨૩/૦૧/૧૯૨૬ ના દિને સૌરાષ્ટ્ માં ચોરવાડ ગામ માં જન્મેલા શ્રી અજિત શાહ આર્ટસ ઇન્ટરનેશનલ તથા અજંતા આર્ટસ થિયેટર્સ ના પ્રમુખ નો હોદ્દો ધરાવતા હતા. નાટ્ય ક્ષેત્રે ગણના પાત્ર પ્રદાન અને નાટ્ય સંઘ મુંબઇ શાખા ના પેટ્રોન પણ રહી ચૂક્યા છે.

ગુજરાતી રંગભૂમિ ઉપર એમણે અભિનય,દિગ્દર્શન તથા નિર્માણ ક્ષેત્રે એક આગવી ભાત પાડી હતી. તે જ રીતે હિન્દી રંગભૂમિ પર પણ અગિયાર થી બાર નાટકો રજૂ કરી તે ભાષા પર નું પ્રભુત્વ સિદ્ધ કર્યુ હતું.

ગુજરાતી નાટકો માં

પારિતોષિક વિજેતા ' પત્તા ની જોડ '

'અંગાર ભસ્મ ' 'કદમ મિલાકે ચાલો '

મીન પિયાસી ,રંગીલો રાજ્જા ,રૂપે રંગે રાણી , પલ્લવી પરણી ગઈ ,

ડુંગર દૂર થી રળિયામણા , કાંચન રંગ , સંધિ કાળ ,સાપુતારા , રજની ગંધા ,તથા શત પ્રયોગો વટાવી જનાર " જીગર અને અમી " ને તેઓ પોતાના કલાજીવન ની ગણનાપાત્ર કૃતિ ઓ ગણે છે.

જબ હમ ન હોંગે , કસ્તુરી મૃગ ,અજંતા સે પેરિસ તક ,ધૂપ કે સાયેમે , દેવદાસ , અને રજની ગંધા

નાટક માં પ્રતિવર્ષ એમને ઇનામો પ્રાપ્ત થતાં રહ્યાં.

ગરબા રાસ , લોક નૃત્યો , લગ્નોત્સવ , ભાંગડા , આસામ વાંસનૃત્ય માં પણ એ પ્રવિણ હતા.

તેઓ એક સારા લેખક પણ હતા.

"પ્રણવ જ્યોત " તેમની નવલકથા અને ત્રિઅંકી નાટક પણ હતું.

ઘનશ્યામ વ્યાસ

સૌજન્ય -ગુજરાતી રંગભૂમિ ના ઘડવૈયા અજિત શાહ

## કોરોનાની સ્થિતિને લઈ રૂપાણી સરકાર પર અમિત ચાવડાના આકરા પ્રહારો

# શાસકોની અણઆવડતના કારણે સુરત વુહાન બન્યું, ભાજપના લોકો ચૂંટણીમાં વ્યસ્ત

ગાંધીનગર,તા.૨૯

શહેરમાં કોરોનાના કેસ દિવસે ને દિવસે વધી રહ્યા છે. જેથી પરિસ્થિતિનો તાગ મેળવવા માટે ગુજરાત કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડા સુરતની મુલાકાતે આવ્યાં છે. તેઓ સિવિલ-સ્મીમેરની મુલાકાત લઈ રહ્યાં છે. સૌ પ્રમથ સ્મીમેર હોસ્પિટલની મુલાકાત લઈને તબીબો અને મેડિકલ ડીન સાથે મુલાકાત કરી છે. જેમાં અમીત ચાવડાએ તબીબોની કામગીરી બદલ અભિનંદન પાઠવ્યાં છે. સાથે જ દર્દીઓને પડી રહેલી હાલાકી અને કરવામાં આવી રહેલી કામગીરી અંગે ચર્ચા કરી છે.બન્ને હોસ્પિટલની મુલાકાત લીધા બાદ અમિત ચાવડાએ જણાવ્યું કે, ભાજપના શાસકોની અણઆવડતના કારણે સુરત શાંઘાઈ તો ન બન્યું પરંતુ વુહાન બની ગયું છે. દર્દીઓને ઈન્જેક્શન આપવામાં ન આવતાં કાળાબજાર થઈ રહ્યાં છે. અમિત ચાવડાએ કહ્યું કે,સરકારી હોસ્પિટલ અને મનપા હોસ્પિટલમાં સ્ટાફને પ્રોત્સાહન આપવું જોઈએ તે કરવામાં આવતું નથી.એ લોકો આ મહામારીમાં જીવના જોખમે કામ કરી રહ્યાં છે. શહેરમાં સરકારી હોસ્પિટલમાં તબીબોની ઘટ છે. તે પુરવામાં આવતી નથી. યોગ્ય સુવિધા ન મળતી હોવાથી લોકો ખાનગી હોસ્પિટલમાં કમર તોડ બીલ આવતાં હોવા છતાં જવા મજબૂર બન્યાં છે.કોર્પોરેશનને જે વધારાનું ફંડ મહામારીમાં વાપરવું જોઈએ તે યોગ્ય ઉપયોગ કરવામાં આવ્યું નથી તેવા આક્ષેપ કરવામાં આવ્યાં છે. ગુજરાતમાં શાસકો દ્વારા કોરોનાને લઈને પણ આંકડાઓની માયાજાળ અને છુપાવવાના પ્રયાસો થઈ રહ્યાં છે. ટેસ્ટિંગ પહેલી જ ઓછા કરીને દર્દીઓની સંખ્યા ઓછી બતાવવા પ્રયાસ કરવામાં આવી રહ્યાં છે.

મૃત્યુઆંક પણ છુપાવવામાં આવી રહ્યાં છે. ભાજપ સરકાર કોરોનાને કાબૂમાં લેવામાં નિષ્ફળ નિવડી છે. સી આર પાટીલની રેલીને લઈને પ્રહાર કરતાં ચાવડાએ કહ્યું કે, ભાજપ બસ તાયફાઓમાં વ્યસ્ત છે. કામ કરવાની જગ્યાએ ચેપ લાગે તેવા કામો થઈ રહ્યાં છે. ભાજપના નેતાઓ કોરોનાની સ્થિતિમાં કામ કરવાની જગ્યાએ ચેપ વધારવાનું કામ કરતાં હોય તેવું લાગી રહ્યું હોવાનું પણ તેમણે વધુમાં કહ્યું હતું. કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાની સાથે પાલિકામાં વિરોધ પક્ષના નેતા પ્રફુલ્લભાઈ તોગડીયા, શહેર ભાજપ પ્રમુખ બાબુભાઈ રાયકા સહિતના નેતાઓ સાથે રહ્યા હતાં. તેમણે દર્દીઓને પડી રહેલા હાલાકી અને રોજ રોજ શહેરમાં વધતા કેસ અંગે માહિતી આપી હતી.

## હત્યારા ભાઈઓ જેલમાં,તો પરિવારે અંતિમક્રિયા કોની કરી...??

# અજીબોગરીબ ઘટનાઃ૫ મહિના અગાઉ જેની હત્યા થઈ હતી તે યુવક જીવીત નીકળ્યો

અરવલ્લી બ્યુરો મોડાસા

મેઘરજના મોટી મોરી ગામની સીમમાંથી ૬ ફેબ્રુઆરીએ અજાણ્યા યુવકની ચાદરમાં લપેટેલી યુવકની લાશ મળી આવતા મૃતકના હાથે દોરેલ ટેટુના આધારે મૃતક યુવક રાજસ્થાનના ખરપેડા ગામનો ઈશ્વર ખાતુભાઇ મનાતની હોવાનું ખુલ્યું હતું તેના પરિવારજનોને જાણ કરતા લાશ લેવા પરિવારજનો ઇસરી પોલીસસ્ટેશને પહોંચ્યા હતા પરિવારજનો અને સગા-સંબંધીઓ યુવકની ઓળખ કરવામાં આગા-પાછી કરતા શરૂઆત થીજ પોલીસના શંકાના દાયરામાં આવી ગયા હતા અને ઘરેલુ ઝગડામાં ઈશ્વરની હત્યા તેના બંને ભાઈઓએ કરી હોવાનું કબુલાત કરતા પ્રકાશ ખાતુભાઇ મનાત અને પારસ ખાતુભાઇ મનાત મોડાસા સબજેલમાં ધકેલી દીધા હતા પરિવારજનોએ મૃતકની અંતિમવિધિ પણ પૂર્ણ કરી હતી ત્યારે અચાનક મૃતક યુવક ઈશ્વર પાંચ મહિના પછી ઘરે પરત ફરતા પરિવારજનો અને પત્નીની આંખો ફાટી ગઈ હતી ઈશ્વરે કામકાજ અર્થે સૌરાષ્ટ્રમાં હતો અને લોકડાઉનમાં ફસાયો હોવાનું જણાવી રહ્યો છે ઇસરી પોલીસે હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો હોવાનો સંતોષ વ્યક્ત કર્યો હતો ત્યારે ઈશ્વર જીવતો પરત ફરતા ઈસરી પોલીસ માટે પણ હવે નવેસરથી તપાસમાં લાગી ગઈ છે.

૫ મહિના અગાઉ સગ્ગા ભાઈઓના હાથે હત્યા થઈ હતી એ ઈશ્વર ખાતુભાઇ માનત નામનો યુવક જીવીત હાલતમાં ઘરે પરત ફરતા અનેક સવાલો પેદા થયા છે જેમાં ઈશ્વરની હત્યાંના આરોપસર મોડાસા સબજેલમાં સજા કાપી રહેલા પ્રકાશ ખાતું મનાત અને પારસ ખાતુભાઇ મનાત બંને એ પોતાના સગ્ગા ભાઈની હત્યાનો ગુન્હો કઈ રીતે કબુલ્યો ...? અથવા બંને ભાઈઓએ અન્ય યુવાનને મોત ને ઘાટ ઉતારી દીધો કે શું...? મૃતકની પત્નીએ અને પરિવારજનોએ હાથ પર દોરેલ ટેટુ ના આધારે યુવક ઈશ્વર જ હોવાનું માની લઈ અંતિમક્રિયા પણ કરી દીધી તો પત્નીએ અને પરિવારજનોએ



મૃતક યુવકનું મોઢું પણ જોયું નહિ હોય...? મોટીમોરી નજીક થી બિનવારસી હાલતમાં મળેલ યુવકની લાશ કોની હતી અને કોણ ફેંકી ગયું....?? ઈશ્વરના બંને ભાઈઓ હત્યા કબૂલવા તૈયાર કેમ થયા....!!! સહીત અનેક પ્રશ્નો પેદા થયા છે

હાલ તો ઈસરી પોલીસે હત્યા થયેલ ઈશ્વર જીવિત હોવાનું બહાર આવતા નવેસરથી તપાસનો ધમધમાટ શરુ કરી દીધો છે હાલ ઈશ્વર ડુંગરપુર હોવાથી પોલીસ ડુંગરપુર જવા રવાના થઈ હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી

શું હતો સમગ્ર બનાવ, પોલીસે હત્યાનો ભેદ કઈ રીતે ઉકેલ્યો હતો

મેઘરજના મોટી મોરી ગામની સીમમાંથી ૬ ફેબ્રુઆરીએ અજાણ્યા યુવકની ચાદરમાં લપેટેલી યુવકની લાશ મળી આવતા મૃતકના હાથે દોરેલ ટેટુના આધારે મૃતક યુવક રાજસ્થાનના ખરપેડા ગામનો ઈશ્વર ખાતુભાઇ મનાતની હોવાનું ખુલ્યું હતું તેના પરિવારજનોને જાણ કરતા લાશ લેવા પરિવારજનો ઇસરી પોલીસસ્ટેશને પહોંચ્યા હતા પરિવારજનો અને સગા-સંબંધીઓ યુવકની ઓળખ કરવામાં આગા-પાછી કરતા શરૂઆત થીજ પોલીસના શંકાના દાયરામાં આવી ગયા હતા આજ કડી અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર માટે મહત્વની સાબિત થયી હતી અને યુવકની હત્યા કરનાર તેના જ બે સગ્ગા ભાઈઓને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા અરવલ્લી પોલીસતંત્રએ હત્યારાઓને શોધવા વિવિધ ટિમો બનાવી બાતમીદારો સાથે રાખી સઘન તપાસ હાથધરાતા મૃતક યુવકની હત્યા તેની માતાની અંતિમક્રિયામાં ન બોલાવતા થયેલી બબાલમાં તેના બે સગ્ગા ભાઈ પ્રકાશ અને પારસે બબાલ કરી પ્રકાશે કુહાડીના ઘા ઝીંકી હત્યા કરી બે દિવસ ઘરે મૂકી રાખ્યા પછી હત્યાનું પાપ છુપાવવા રાજસ્થાનને અડીને આવેલ મેઘરજના મોટીમોરી ગામની સીમમાં ચાદર વીંટાળી બાઈક પર લઈ આવી નાખી દીધી હોવાની માહિતી પ્રાપ્ત થતા બંને ભાઈઓને દબોચી લઈ સઘન પૂછપરછ કરતા તેમની માતાના અંતિમક્રિયાની ઈશ્વરને જાણ ન કરતા અને અગાઉ થયેલ ઘરકંકાસમાં હત્યા કરી દીધી હોવાની કબૂલાત કરતા બંને ભાઈઓને જેલના સળિયા પાછળ ધકેલી દઈ હત્યાનો ભેદ ઉકેલવામાં જિલ્લા પોલીસતંત્ર સફળ રહ્યું હતું

રાજસ્થાનના ખરપાડા ગામમાં રહેતા ત્રણ ભાઈઓ માંથી ઈશ્વર ખાતુંભાઈ મનાત તેના ભાઈઓ સાથે ઘરકંકાસ થતા તેની સાસરીમાં રહેતો હતો ૧ ફેબ્રુઆરીએ તેની માતા હાજુંબેન માનસિક રીતે બીમાર હોવાથી અગમ્ય કારણોસર સળગી મરણ જતા તેના ભાઈ પ્રકાશ ખાતુભાઇ મનાત અને પારસ ખાતુભાઇ મનાતે ઈશ્વરભાઈને જાણ કર્યા વગર અંતિમક્રિયા કરી દેતા તેની માતાના મોતના સમાચાર મળતા તેના વતન ખરપાડા ઘરે પહોંચ્યો હતો અને તેના બંને ભાઈઓને ઠપકો આપતા ઉગ્ર બોલાચાલી થયા બાદ બંને ભાઈઓએ માથાકૂટ કરતા ઈશ્વર સાથે મારઝૂડ કરી પ્રકાશે ઈશ્વરના માથામાં કુહાડીના ઘા ઝીંકી દઈ ઈશ્વરની હત્યા કરી દીધી હતી અને માતાનું મરણ થયેલ હોવાથી લોકોની અવર-જવર રહેતા બે દિવસ ઘર નજીક ઢાળિયામાં ઈશ્વરની લાશને સંતાડી રાખી મોકો મળતા રાત્રીના સુમારે બંને ભાઈઓ ઈશ્વરની લાશને ચાદરમાં વીંટાળી બાઈક પર મૂકી મેઘરજના મોટીમોરી ગામની સીમમાં ફેંકી દીધી હતી પરંતુ આખરે પાપ છાપરે ચઢીને પોકારે તેમ તેમના ભાઈની લાશને ઓળખવાની આનાકાની કરવાનું ભારે પડી ગયું હોય તેમ શંકાના દાયરામાં આવી જતા હત્યાનો ગુન્હાનો ભેદ ઉકેલવામાં પોલીસ સફળ રહી હતી.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.આયોજક - સંચાલન એડમીન ટીમ.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

ન્યુઝ ગાંધીનગર બાળવિભાગ

વ્યાયામનું મહત્વ

૧)ઋજુ અપૂર્વ શાહ

૨)પ્રિયાંશી પાંખી

૩ સંગાર ગાયત્રી રમેશભાઇ

---------------------------------------

બાળવિભાગ

શીર્ષક —સમતોલ આહાર અને વ્યાયામનું મહત્વ

દસ વર્ષની ચિંકીને ફાસ્ટફૂડ અને નાસ્તાના પડીકાં જ ભાવે. ઘરનાં રોટલી, દાળ-ભાત, શાક તો ભાવે જ નહીં. મમ્મી-પપ્પા, દાદા-દાદી બધાં બહુ સમજાવે, તો અઠવાડિયામાં બે વાર પરાણે રોટલી ખાય, પણ જોડે ફક્ત ભીંડાનું શાક અને દહીં તથા પરોઠા કે થેપલાંમાં ટામેટાનો સોસ, ચીઝ અને માયોનિઝ જોઈએ. રોજ લેવામાં આવતા આ પ્રકારના આહાર તથા જરૂરી વ્યાયામના અભાવના લીધે, ઉંમરના પ્રમાણમાં તેનું વજન વધી ગયું અને પેટમાં દુખાવો થવા લાગ્યો.

મમ્મી-પપ્પા ચિંકીને ડોક્ટર પાસે લઈ ગયા. ડોક્ટરે એના લોહીની તપાસ તથા પેટની સોનોગ્રાફી કરાવી.

રિપોર્ટમાં આંતરડા પર સોજો જણાયો. ડોક્ટરે મમ્મીને એના રૂટિન વિશે પૂછ્યું. એની ખોરાકની આદતો, જાડાપણાના કારણે શાળામાં કસરત ન કરી શકતી હોવાની ફરિયાદની વાતો સાંભળી ડોક્ટર અકળાઈ ગયાં. તેમણે ચિંકીને ત્રણ દિવસ હોસ્પિટલમાં રાખી, એને સમતોલ આહાર અને કસરત (વ્યાયામ) વિશે વાતો કરી અને તેના ફાયદા પણ સમજાવ્યા. તેની મમ્મીને પણ ફાસ્ટફૂડના કારણે ભવિષ્યમાં થઈ શકતાં રોગો વિશે જાણકારી આપી.

ચિંકીએ ઘરે ગયા પછી ડોકટરની સલાહ પ્રમાણે આહાર લેવાનું અને કસરત કરવાનું ચાલુ કર્યું. તેની મમ્મીએ શારીરિક કસરતના ભાગરૂપે શાસ્ત્રીય નૃત્ય શીખવા માટે કલાસમાં મૂકી. આહાર અને કસરતના કારણે ૬ મહિનામાં તેનું વજન ઊતર્યું અને તેનામાં સ્ફુર્તિ આવવા માંડી. ત્રણ મહિના પછી શાળાના રમતોત્સવમાં તેણે સૌથી વધારે ઈનામો જીત્યા. આ માટે તે તેના ડોકટરનો આભાર માનતી, જેમણે એને ફાસ્ટફૂડના વળગણમાંથી મુક્ત કરી. હવે તે તેના બધાં મિત્રને સમતોલ આહાર અને કસરતનું મહત્વ સમજાવતી.

પ્રિયાંશી શાહ "પાખી"

---------------------------------------

બાળ વિભાગ

વ્યાયામનું મહત્વ

તન સ્વસ્થ-સુદૃઢ, મન સ્વસ્થ કરો;
નાચો, કૂદો, નિત વ્યાયામ કરો!"

વ્યાયામ અર્થાત કસરત, જેના થકી શરીર સ્નાયુબદ્ધ તથા મનને તાજગી પ્રાપ્ત થાય છે. વ્યાયામ એટલે માત્ર ચાલવાનું ન હોય, વ્યાયામમાં ઘણું બધું હોયઃ નાચ-નૃત્ય, રમવું-કૂદવું, યોગાસન વગેરે.

કોઈ વિચારશે કે નૃત્ય થી વળી શું થાય? નૃત્ય આપણા આરોગ્યને સ્વસ્થ રાખવામાં ખૂબ જ સહભાગી થાય છે. આપણે જ્યારે નૃત્ય કરીએ ત્યારે આપણાં શરીરનું જે હલનચલન થાય, તેથી આપણાં આંતરિક અવયવો ક્રિયાશીલ રહે અને સુસ્ત ન રહે.

વ્યાયામ આપણને આરોગ્યદાયક રહેવામાં ખૂબજ મદદ કરે છે. તન, મનને શાંત રાખે છે. વ્યાયામથી મનના કોઈ પણ પ્રકારના તણાવ, ભાર કે ચિંતા દૂર થઈ જાય છે.

આજકાલ આપણને બધાને સુડોળ અને સુંદર દેખાવું હોય છે, કોને ન દેખાવું હોય? તેના માટે પણ યોગા કે વ્યાયામ આવશ્યક છે, કારણ કે વ્યાયામથી અનિચ્છનીય કેલરી બળી જાય છે. હજી ફાયદા જોડવા હોય, તો વ્યાયામ થી શરીરની સુગમતા પણ વધે છે!

સ્નાયુબળ એ ખરેખર વધતી જતી ઉંમર માટે આશીર્વાદરૂપ છે, જે શારીરિક તેમજ માનસિક દૃષ્ટિએ સક્ષમતા અર્પે છે, જે યોગા અને કસરત થી જ શક્ય છે.

તેથી જ દિવસમાં કેટલા પણ કામ હોય પરંતુ કસરત કે નૃત્ય માટે ઓછામાં ઓછો અડધો કલાક તો ફાળવવો જ!

પહેલું સુખ તે જાતે નર્યા!

ઋજુ અપૂર્વ શાહ

ધોરણ - ૮

---------------------------------------

બાળ વિભાગ

વ્યાયામનું મહત્વ

આપણા શરીર ને તંદુરસ્ત રાખવા ના ગણા ઉપાયો છે.સારો અને સમયસર ખોરાક લેવો, યોગ્ય સમય સુવું અને ઉઠવું, ખાણું (ખોરાક) પીવો અને પીણું ખાવું વગેરે જેવાં અનેક ઉપાયો છે. પણ મુખ્ય ઉપાય વ્યાયામ. વ્યાયામ શરીર તંદુરસ્ત અને મજબૂત રાખવા માટે એક રામબાણ ઈલાજ છે. આયુરવેદિક દવાઓ પણ ઉપયોગ માં લેવામાં આવે છે. સવારનાં ભાગમાં નિયમિત અને મર્યાદિત વ્યાયામ એ વૃદ્ધને પણ યુવાન બનાવી શકે છે.

દરેક સ્કૂલોમાં શનિવારે વ્યાયામ હોય જ તદ્ઉપરાંત આપણે જોઈએ છીએ કે આર્મીની ટ્રેનિંગમાં પણ વ્યાયામ જરુરી છે જ

આપના માનનીય શ્રી મોદી સાહેબે પણ વ્યાયામ નું ગણું મહત્વ કહીયું છે.

સંગાર ગાયત્રી રમેશભાઇ (ઉઠાર)

ધોરણ ૧૦.

---------------------------------------

એડમીન પેનલ - પ્રદીપ રાવલ (તંત્રી/માલિક) (M-9824653073)

નિર્ણાયકશ્રી-જયશ્રી પટેલ,વંદના વાણી,કિશોર ઠક્કર

સહ નિર્ણાયક - આરતી મર્ચન્ટ ,આરતી રામાણી

સંચાલક - જીજ્ઞા કપુરિયા

સહ સંચાલક - મનીષ વોરા

સંપર્ક : Email : prdpraval42@gmail.com

---------------------------------------

નોધ :- ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પ્રસિદ્ધ સાહિત્ય વિભાગ ના આયોજક,આયોજન,સંચાલન હવે પછી સાહિત્ય વિભાગ ગ્રુપ એડમિન કરશે.કોઈપણ લખાણ કે વ્યક્તિગત વાદ વિવાદ જવાબદાર એડમીન ટીમ રહેશે.તંત્રી ક્યાંય પણ કોઈપણ લખાણ કે ગ્રુપ મેમ્બરોને લગતા વાદ વિવાદ ને જવાબદાર નથી.જે સર્વે આં ગ્રુપ ના મેમ્બર નોધ લેવી ..તંત્રી : પ્રદીપ રાવલ

## સિદ્ધપુરના ઐતિહાસિક માધુપાવડીયા ઘાટ પરના

# પ્રાચીન ભૂતનાથ મહાદેવના મંદિરે મણિધર શેષનાગ(ગોગા મહારાજની પ્રાણપ્રતિષ્ઠા કરાવાઈ

ધાર્મિક નગરી સિદ્ધપુરના ઐતિહાસિક માધુપાવડીયા ઘાટ સ્થિત પ્રાચીન ભૂતનાથ મહાદેવ ના મંદિરે શ્રાવણ સુદ - ૭ ને સોમવારના દિવસે શિવલિંગના પેડી લિંગોપરી મણિધર શેષનાગ(ગોગા મહારાજ)ની પ્રાણપ્રતિષ્ઠા કરાવાઈ હતી

આ પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમના યજમાન તરીકે અમરકુમાર રમણલાલ દવે (ગાયોવાળા)પરિવારે ભાગ લીધો હતો જયારે આ ક્રાયક્રમના આચાર્ય તરીકે શાસ્ત્રી નિલેષકુમાર જયંતીલાલ ઉપાધ્યાય એ વેદોક્ત મંત્રોચ્ચાર તેમજ તંત્રમાર્ગ ના વિધિવિધાનથી પાઠાત્મક લગુરુદ્ર યાગ તેમજ ગંગાજળથી મહા અભિષેકનું આયોજન વિષકલ્યાણ તેમજ કોરોના વાયરસની



મહામારીથી રક્ષણ મળે તે માટે આહુતિ આપી પુર્ણાહુતી કરાવાઈ હતી

આ કાર્યક્રમ સ્વ. ચંદુ ગુરુ મહારાજ, સ્વ. રમેશભારતી બાપુ તેમજ ગામધણી શ્રી ગોવિંદ - માધવરાયજીના આશીર્વાદથી તેમજ કોરોના વાયરાની મહામારી ના સમયે સરકારની ગાઈડલાઈનની ચુસ્ત પાલનકરી ઉજવાયો હતો આ કાર્યક્રમમાં ખેમચંદભાઈ લાલાભાઇ વાઘેલા(ખેમો),આશિષભાઇ ત્રિવેદી, રાજુભાઈ ઘનશ્યામભાઇ પરીખ(ચંદુગુરુ મહારાજ ના ભગત )એ સેવા આપી હતી.

# સમયસર વાવણી કરી મુહૂર્ત તો સચવાયું, પણ હવે ખેડૂતોને રોવાનો વારો આવ્યો



સતિષ પટેલ બ્યુરો ચીફ વલસાડ

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદે વિરામ લેતા ખેડૂતો ચિંતીત બન્યા છે. કપરાડા ૯૦ ટકા ખેડૂતોએ વાવણી કર્યા બાદ વરસાદ ખેંચાતા જગતનો તાત પોતાના ઉભા પાકને બચાવવા મેઘરાજા પાસે વરસાદ વરસાવવા પ્રાથના કરી રહ્યો છે. વિસ્તારોમાં વરસાદે વિરામ લેતા ખેડૂતો ચિંતીત બન્યા છે. ૯૦ ટકા ખેડૂતોએ વાવણી કર્યા બાદ વરસાદ ખેંચાતા જગતનો તાત પોતાના ઉભા પાકને બચાવવા મેઘરાજા પાસે વરસાદ વરસાવવા પ્રાથના કરી રહ્યો છે ખેડૂત કપરાડાના જયેન્દ્રભાઈ ગાંવિત જણાવ્યું કે વાવણીનું મુહૂર્ત સચવાયું હોવાથી ખેડૂતો હરખાયા હતા. પરંતુ ત્યારબાદ વરસાદ નહી વરસતા ખેતરોમાં ઉગેલા પાક મુરઝાવા લાગતા ખેડૂત ચિંતીત બન્યા છે. ખેડૂતોને પોતાના પાક બચાવવા માટે વરસાદ પર જ નિર્ભર બન્યા છે.વાવણી અને રોપણી કરેલ સુકાઈ રહેલ પાકને જીવતદાન આપવાના પ્રયાસો કરી રહ્યા છે. વહેલીતકે મેઘમહેર થાય મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર આવી શકે અને પોતે કરેલા લાખો રૂપિયાનુ રોકાણ એળે ન જાય.

હાલમાં જે વાવેતર થયુ છે તેની પાક પરિસ્થિતિ સામાન્ય છે. હજુ વરસાદ થઈ જાય તો પાક ખુબ સારો થઈ જાય તેમ છે

વરસાદની ખેંચના કારણે હાલ તો ખેડૂતોની પરિસ્થિતિ ખૂબ જ કપરી બની છે. છેલ્લા બે ત્રણ વર્ષથી જે રીતે ચોમાસુ નબળુ જોવા મળ્યુ છે તેના કારણે ખેડૂતો ભારે આર્થિક ભીસમાં આવી ગયા છે. આ વર્ષે પણ ખેડૂતોએ મોંઘા બિયારણો અને ખાતરોની ખરીદી કરીને પાકનુ વાવેતર કર્યુ છે, ત્યારે વરસાદની ખેંચના કારણે તેઓએ ચિંતીત બન્યા છે. આમ છતાં ખેડૂતો આશા સેવી રહ્યા છે કે, મેઘરાજાની અમી દ્રષ્ટિ તેમના પર થાય જેથી તેઓ આ મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર આવી શકે.

# કેશોદ શહેરમાં ઠેરઠેર રાખડીના સ્ટોલ, ચાઈનીઝ રાખડીઓનો બહિષ્કાર




કેશોદ: (રાજુભાઈ પંડ્યા)

હિન્દુ ધર્મ માં બહેન ની રક્ષા કરતાં ભાઈને શ્રાવણ માસની પુનમે રાખડી બાંધી રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવે છે. કેશોદ શહેરની મુખ્ય બજારોમાં વેપારીઓ દ્વારા અવનવી રાખડીઓ નાં સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. સોશ્યલ મીડિયા માં વાયરલ થયેલાં મેસેજો થી બહેનો માં દેશપ્રેમ જાગૃત થયો છે ત્યારે વેપારી ને પુછી લે છે કે ચાઈનીઝ રાખડી નથીને.? કેશોદ શહેર-તાલુકા માં બહેનો દ્વારા સ્વયંભૂ જાગૃત બની ચાઈનીઝ રાખડીઓ નો બહિષ્કાર કરવામાં આવ્યો છે.

ભાઈ-બહેન નાં પ્રેમ નું પ્રતિક એવાં રક્ષાબંધન પર્વ ની ઉજવણી કરવા માટે ઉત્સાહિત બહેનો દ્વારા વિવિધ રાખડીઓ ની ખરીદી કરી રહી છે અને નાનાં નાનાં બાળકો માટે કાર્ટૂન નાં પાત્રો વાળી રાખડીઓ ની ખરીદી કરી રહી છે. કોરોના મહામારી વચ્ચે તહેવારો આવતાં જ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## વિદ્યાર્થીઓને ઘરે જ ગુણવત્તાયુક્ત શિક્ષણ પહોંચતું થાય તે માટે

# દાહોદ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની આચાર્યશ્રીઓ સાથે બેઠક યોજાઈ



અભેસિંહ રાવલ દાહોદ

દાહોદ, તા. ૨૯ : દાહોદ જિલ્લાના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓ સાથે ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી સુરેશભાઈ મેડાએ સોશિયલ મિડિયાના માધ્યમ થકી બેઠક યોજી હતી. આ બેઠકમાં કોરોના મહામારીની વર્તમાન પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓ સુધી ગુણવત્તાસભર શિક્ષણ પહોંચી રહે તે માટે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આચાર્યશ્રીઓને કોરોના સંક્રમણ સામે પૂરી સાવચેતી સાથે કામગીરી કરવા માર્ગદર્શન આપ્યું હતું. સાથે વિદ્યાર્થીઓ ઘરેબેઠા પણ શિક્ષણ મેળવી શકે તે માટે જરૂરી માહિતી આપી હતી. બેઠકમાં આધાર ડાયસ ની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા, દરેક વિદ્યાર્થીને પાઠયપુસ્તકો મળી ગયા છે તે સુનિશ્ચિંત કરવું, વૃક્ષારોપણનો કાર્યક્રમ શાળામાં હાજર શિક્ષકોને યોજવા, વિદ્યાર્થીઓ અને વાલીઓને સોશિયલ મિડિયાથી જાણ કરી ખેતરમાં કે ઘરના વાડામાં વૃક્ષારોપણ કરવા જણાવવું, સામાજિક જવાબદારી વિશે વિદ્યાર્થીઓને સમજાવવું, એકમ કસોટી યોજવા બાબતે, આપત્તિ વ્યવસ્થાપન માટે તમામ શાળાઓમાં વીજળી, પંખા, પાણી, વિગેરેની વ્યવસ્થા અદ્યતન રાખવી જેવી બાબતો વિશે વિસ્તુત ચર્ચા કરવામાં આવી હતી.

ઉપરાંત બેઠકમાં શ્રી મેડાએ જણાવ્યું કે, વાલીઓને કોરોના સંક્રમણ બાબતેની અદ્યતન માહિતી આપવી અને વિદ્યાર્થીઓ પણ આ બાબતે સરકારી માર્ગદર્શક સૂચનાઓનો ચુસ્ત અમલ કરવા જણાવવું અને સામાજિક અંતર, માસ્ક પહેરવા અને સેનિટાઈઝરના ઉપયોગ બાબતે સમજ આપવી.

આ બેઠકમાં જિલ્લાના ૩૦૦ થી પણ વધુ આચાર્યશ્રીઓ સોશિયલ મિડિયાના માધ્યમ થકી જોડાયા હતા.

# કેશોદના હિન્દુ સ્મશાનમાં સરકારી અને દાતાઓના સહયોગથી અગ્નિ સંસ્કાર ભઠ્ઠી મુકવામાં આવી



કેશોદ: (રાજુભાઈ પંડ્યા)

કેશોદના હિન્દુ સ્મશાનમાં ડિઝલ ભઠ્ઠી થી અગ્નિસંસ્કાર કરવા કેશોદ નગરપાલિકા દ્વારા ફિટ કરી લોકાર્પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો ત્યારે કેશોદના પર્યાવરણ પ્રેમી અર્જુનભાઈ દ્વારા ઓછાં લાકડાં થી અગ્નિસંસ્કાર થઈ શકે એવી ભઠ્ઠી બનાવી ફિટ કરવા ટહેલ નાંખતા ઉપસ્થિત આગેવાનોએ દશ મિનિટ માં રૂપિયા અઢી લાખ ની રકમ આપવાની જાહેરાત કરી હતી પરિણામ સ્વરૂપે એ ભઠ્ઠી તૈયાર થઈ જતાં હિન્દુ સ્મશાનમાં લગાવવામાં આવી છે.

કેશોદના જે લોકો પોતાના સ્વજન ને લાકડામાં અગ્નિદાહ આપવાની ઈચ્છાના કારણે વધુ એક અગ્નિસંસ્કાર ભઠ્ઠી તૈયાર કરવામાં આવી છે આ ભઠ્ઠી કલાઈમેન્ટ ચેન્જ ડિપાર્ટમેન્ટ અને જેડા તેમજ નગરજનોની ભાગીદારીથી ૫ લાખમાં તૈયાર થવા પામી છે જેમાં ૭૦ થી ૧૦૦ કિલો બાયોકોલ, છાંણા કે લાકડા તેમજ હવાના દબાણથી માત્ર ૨ કલાકમાં જ નશ્વરદેહ પંચમહાભૂતમાં વિલીન થઈ જશે જેના કારણે લાકડાની અને સમયની બચત તેમજ પર્યાવરણનું જતન થશે ઉપરાંત આ ભઠ્ઠીમાં અગ્નિસંસ્કાર સમયે ગીતાના ૧૨ અને ૧૫ માં અધ્યાયનું સંગીત સાથે પઠન થશે અને મૃત્યું પામનારના સ્વજનો તમામ વીધી પણ કરી શકશે. આ ક્ષણે સ્વર્ગારોહણ અગ્નિ ભઠ્ઠીના સંશોધક અર્જુનભાઈ દ્વારા માહિતી આપી હતી કે સરકારી સંસ્થા દ્વારા મળેલ ૨.૫ લાખની લઘુ સહાયને મેં આ ભઠ્ઠીમાં વાપરી નાખી છે. આમ હવે બામણાસા અને દ્વારકાના પાડલી ગામે મુકેલ સ્વર્ગારોહણ ભઠ્ઠીમાં રહેલ ક્ષતીઓ દુર કરી નવા સ્ટેનેલેશ સ્ટીલના માળખામાં તૈયાર કરાયેલી ભઠ્ઠીમાં

૮૦૦ થી ૧૦૦૦ ટેમ્પ્રેચરમાં નશ્વરદેહ અગ્નિમાં વિલીન કરી શકાશે. પૌરાણિક પધ્ધતિથી લાકડાં થી અગ્નિસંસ્કાર કરવા ઈચ્છતા મૃતકના પરિવારજનો ઓછાં લાકડાં અને ઓછાં સમયમાં શાસ્ત્રોક્ત વિધિ અનુસાર અંતિમવિધિ કરી શકશે. કેશોદ નગરપાલિકા સંચાલિત હિન્દુ સ્મશાનમાં હવેથી ડિઝલ ભઠ્ઠી અને ઓછાં લાકડાં થી ચાલતી ભઠ્ઠી કાર્યરત બની ગયેલ છે.

# મોડાસામાં ડીવાયએસપી ભરત બસીયાની ઉપસ્થિતિમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ



અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસા શહેરમાં આગામી સમયમાં આવી રહેલી બકરાઈદ અને રક્ષાબંધન તહેવાર અનુલક્ષીને મોડાસા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને તહેવારો દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ડીવાયએસપી ભરત બસીયાના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી જેમાં રથયાત્રા ઉસ્તવ સમિતિના સદસ્યો અને મુસ્લિમ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા શાંતી સમિતિના સદસ્યો એવા અખ્તર ચિસ્તી અને મન્સુરઅલી બેલીમનું કોરોનાથી મોત નિપજતા શાંતિસમીતિની બેઠકમાં ૨ મિનિટ્સ મૌન રાખી શ્રદ્ધાંજલિ અર્પી હતી શાંતિ સમિતિની બેઠકમાં હિન્દૂ-મુસ્લિમ અગ્રણીઓ ઉપસ્થિત રહી હિન્દુ-મુસ્લિમ ધર્મના તમામ તહેવારો શાંતિપૂર્ણ માહોલમાં ઉજવણી કરવાની કટિબદ્ધતા દર્શાવી હતી

# મૃત્યુ ભોજ બંધ રાખી તે નિમિત્તે આપ્યું માળી સમાજ એજ્યુકેશન ટ્રસ્ટમાં રૂપિયા ૧,૫૧,૦૦૦ નું દાન

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત



આજે ડીસા તાલુકાના મોરથલ ગોળીયા ના સ્વર્ગસ્થ લેરીબેન દાનાજી મેઘાજી ટાંકના અવસાન નિમિત્તે સામાજિક રીતે તેમના પાછળ કરાવતો મૃત્યુ ભોજ બંધ રાખીને તે નિમિત્તે માળી સમાજ એજ્યુકેશન ટ્રસ્ટ ગાંધીનગર ખાતે રૂપિયા ૧,૫૧,૦૦૦ શૈક્ષણિક સંકુલના નિર્માણ માં દાન પેટે આપીને સમાજમાં એક દાખલારૂપ ઉદાહરણ પૂરું પાડ્યું છે સમાજમાં કુરિવાજો ને લઈને અત્યારના આધુનિક સમયમાં તેમજ વૈશ્વિક કોરોના મહામારી ને લઈને સામાજિક મૃત્યુ ભોજ બંધ કરીને રોકડ દાન શૈક્ષણિક હેતુ માં આપતા માળી સમાજ માં એક પ્રોત્સાહિત કરવા માટે ઉત્તમ દાખલો બેસાડયો છે તેમજ આ નિર્ણય લેવાતા માળી સમાજના આગેવાનોએ ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો

# COVID-19 ની ગાઈડલાઈનનો ભંગ કરવા અને જાહેરનામાંનો ભંગ કરવા બદલ પોલીસ કમિશનર અને મ્યુનિસિપલ કમિશ્નરને ભાજપ વિરુધ્ધ ફરીયાદ નોંધાવતા વિપક્ષી નેતા વશરામભાઈ સાગઠીયા



રાજકોટ

મહાનગરપાલિકાના વિરોધપક્ષના નેતા વશરામભાઈ સાગઠીયાએ જણાવ્યું છે કે તા.૨૭/૦૭/૨૦૨૦ના રોજ પવિત્ર શ્રાવણ માસનો પ્રથમ સોમવાર હોય રાજકોટના આરાધ્ય તેવા દેવોના દેવ શ્રી રામનાથ મહાદેવજીના મંદિરે સાંજના સમયે પ્રથમ શ્રાવણમાસના સોમવારની આરતી હોય ત્યારે કોઈ ભક્તો ને બોલાવવા જવા પડતા નથી પરંતુ શ્રદ્ધા એટલી બધી છે કે ભક્તોનું ઘોડાપુર ઘુઘ્વ્યું હતું અને તે જ દિવસે ભારતીય જનતા પક્ષના કાર્યાલયનો ખાતમુહૂર્ત પ્રસંગે આગેવાનો અને કાર્યકરોને આમંત્રણ આપી બોલાવ્યા હતા એક અંદાજ મુજબ આ સ્થળે ૨૫૦-૩૦૦ લોકો એકઠા થયા હતા જેમાં મહિલાઓને ખાડામાં ઉતરવાની ધક્કામુક્કીમાં પૂર્વ ધારાસભ્ય અને મેયરના પગ લપસ્યા હતા અને બેલેન્સ ગુમાવવું પડ્યું હતું જે સમગ્ર ગુજરાતની અને રાજકોટની જનતાએ જોયું હતું એકતરફ મંદિરમાં ચાર થી વધારે લોકો એકઠા થયા છે અને સોસીયલ ડિસ્ટન્સ જળવાયું નથી તેમ કહી રામનાથ મહાદેવજીના મંદિરના પુજારી સમક્ષ ગુન્હો નોંધવામાં આવે છે અને ગુન્હો નોંધવામાં પોલીસ પોતાની પીઠ થપથપાવતી હોય તેવું લાગે છે તો તેની સામે એક જ દિવસે સત્તા ઉપર બેઠેલ પક્ષ પોતે સત્તાના મદમાં તમામ પ્રકારના નિયમો અને ગાઈડલાઈનનું સરેઆમ ઉલ્લંઘન કરી ૨૫૦-૩૦૦ લોકો એકઠા થઈ ભાજપ કાર્યાલયનું ખાતમુહૂર્ત કરે છે તો શું ત્યાં પોલીસને પોતાનું પરાક્રમ બતાવવાની ત્રેવડ નથી ? અમે પોલીસને આ વિષે ભાજપ સામે લેખિતમાં ફરિયાદ નોંધાવી છે હવે જોઈએ છીએ કે પોલીસ કાર્યવાહી કરે છે કે કેમ ? પોતાની તાકાત બતાવે છે કે કેમ ? અને જો બતાવશે તો અમે પોલીસને પીઠ થપથપાવવા જશું અને એક તરફ ગુજરાતના મુખ્યમંત્રી અને વડાપ્રધાન સોસીયલ ડિસ્ટન્સ જાળવવાની અપીલ કરે છે ત્યારે તેના કાર્યકરો જ આ અપીલનો ઉલ્લંઘન કરતા હોય અને મુખ્યમંત્રી અને વડાપ્રધાનની અપીલના ધજ્જિયાં ઉડાડતા હોય તેવું જાહેરમાં દેખાય છે પોલીસ અને મહાનગરપાલિકા દ્વારા એક ને ખોળ અને બીજાને ગોળ જેવી ખોરી ટોપરા જેવી નીતિ અખત્યાર કરી રહ્યા છે.

રામનાથ મહાદેવનું મંદિર રાજકોટની અને સૌરાષ્ટ્રની જનતાનું આસ્થાનું કેન્દ્ર છે ત્યારે ભાજપના જ લોકો દ્વારા છેલ્લા બે વર્ષથી મહાદેવના મંદિરનું ડેવલપમેન્ટનું કામ અટવાઈને પડ્યું છે કે સમગ્ર રાજકોટની જનતા દરરોજ જોવે છે ત્યારે ધર્મના નામે મત માંગવા વાળા પોતાના હાથમાં સત્તા હોવા છતાં ભગવાનનું કામ શા માટે ટલ્લે ચડાવ્યું છે કામ કેમ પૂર્ણ કરતા નથી અમારી માંગણી છે કે વહેલામાં વહેલી તકે ભગવાન રામનાથ મહાદેવના મંદિરનું કામ પૂર્ણ થાય તેવી અપેક્ષા રાખીએ છીએ.

(વશરામભાઈ સાગઠીયા)

# " વીર જવાનોને મોકલવા નિરાધાર અને ગરીબ બાળકીઓ દ્વારા રાખડી બનાવી"




સ્મિત ફાઉન્ડેશન દ્વારા ગરીબ નિરાધાર બાળકો રાખડીઓ બનાવવામાં આવી હતી રક્ષાબંધન તહેવાર નિમિતે આ અનાથ, ગરીબ અને નિરાધાર દીકરીઓ એ વિવિધ પ્રકારની રાખડીઓ બનાવી હતી અહી દીકરીઓ માસ્ક, સેનેટાએઝ, ગ્લોસ, અને સોશીયલ ડિસ્ટન્સ સાથે રાજયના નાયબમંત્રી સાહેબશ્રી નીતિન ભાઈ પટેલ સર અને ભાજપના પ્રદેશ પ્રમુખ આર,સી,પાટીલ સર બાંધવા માં આવી હતી.બીજી રાખડીઓ કોરોના યોધ્ધા, વીર પોલીસ જવાનો, વીર આર્મીના જવાનો ને મોકલવામાં આવશે. આ બાળકીઓ તેમને પ્રેમ, પ્રેરણા અને ઉત્સાહ અને અવનવું કરવાની જીજ્ઞાશાઓ રહેલી છે. તેમની પ્રતિભા બહાર લાવવા માટે સ્મિત ફાઉન્ડેશન હંમેશા તરત્પર રહે છે છે અને નવી આવડતો, ટેકનીક શીખવવામાં આવી રહી છે. અહી જીત પારેખ દ્વારા બાળકોને નવીનતા શીખવવા અને તેમની ટીમ જીતેન શેખાની, વંશ પટણી, હેતલ કાંસાકર, મોનિકાબેન ઉપસ્થિત રહી બાળકોને અવનવી રાખડીઓ બનાવવાની રીત શીખવી હતી.

# ઉભરાણમાં સરકારી આયુર્વેદિક દવાખાનનું મકાન બનાવવા માંગ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો

ગ્રામ પંચાયત દ્વારા જમીન અપાઇ છતાં નવીન મકાન ની મંજૂરી ના મળતા રોષઃ ઉભરાણમાં એકમાત્ર આયુર્વેદિક સરકારી દવાખાનું ભાડાના મકાન મા વર્ષોથી ચાલે છે, અત્યાર સુધી જે મકાનમા ચાલે છે તે જર્જરિત હાલતમાં હોઇ ચોમાસા દરમ્યાન દુર્ઘટના થવાની શક્યતાઓ સેવાઇ રહી છે, કોરોનાની મહામારીમાં સરકાર આરોગ્ય વિભાગ ઉપર વિશેષ ધ્યાન કેન્દીત કર્યુ હોવા છતા નવીન મકાન અંગે કોઈપણ ગાન્ટ આપવામા આવેલ નથી, આયુર્વેદિક દવાખાનું ભાડાના મકાનમાં અને જર્જરિત હાલતમાં ચાલતું હોય દર્દીઓ સારવાર અર્થે જતા સંકોચ અનુભવે છે, ત્યાં કોઈ આધુનિક સગવડો ઉપલબ્ધ નથી, માલપુર થી ૨૭ કિલોમીટર દૂર ઉભરાણ અને તેની આસપાસના વિસ્તારની વીસ હજારની વસ્તી હોઇ સરકારી દવાખાનું અધતન ના હોય જેના કારણે ખાનગી હોસ્પિટલમાં મોંઘીદાટ ફી ચૂકવવી સારવાર લઇ રહ્યા છે, જેનાથી મકાન બનાવવાની માંગ ઉગ્ર બની છે, જે અંગે ડોક્ટર એ જણાવ્યું હતું કે ૧૯૮૯થી સરકારી દવાખાનું ભાડાના મકાનમાં ચાલે છે, ઉભરાણ ગ્રામ પંચાયત એ જમીન ફાળવી આપી છે, જે અંગે જિલ્લા કક્ષાએ રજુઆત કરી છે પરંતુ હજુ સુધી મકાન બનાવવા માટે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી.

# 'સિદ્ધપુર નું ગૌરવ' ગૃપમાં નામજોગ ઉલ્લેખ કરી સામાજિક બદનામી કરનાર ઈસમ સામે પોલીસ ફરિયાદ કરાઈ

## સોશિયલ મીડીયા ગૃપમાં નામજોગ ખોટો ઉલ્લેખ કરી માનહાનિ તેમજ સામાજિક બદનામી કરવા બદલ ફરિયાદ કરાઈ

ધૃવ દવે સિદ્ધપુર

સિદ્ધપુરમાં સોશિયલ મિડીયા ગૃપ દ્વારા મેસેજ વાયરલ કરી સમાજ અને શહેરમાં પોતાની ખોટી બદનામી કરાઇ રહી હોવાની કેફિયત સાથે સિદ્ધપુર પોલીસ સહિત સિદ્ધપુર ડી.વાય.એસ.પી, પાટણ એસ.પી.,રેન્જ આઈ.જી.સહિત ગૃહમંત્રી કક્ષા સુધી રજિ.એ.ડી.કરી લેખિત ફરિયાદ કરવામાં આવી હોવાનુ જાણવા મળેલ છે.આ ઉપરાંત ફરિયાદીએ તહોમતદાર વિરુધ્ધ કોર્ટમાં માનહાનિનો દાવો કરવાનુ પણ જણાવ્યુ હતું.

સિદ્ધપુરમાં 'સિદ્ધપુર નું ગૌરવ' નામના મિડીયા ગૃપમાં ૯૯૦૪૯૨૪૩૬૫ નંબર પરથી અલ્પેશભાઈ કચરાભાઈ સોલંકીના નામથી એક મેસેજ વાયરલ કરવામાં આવ્યો હતો.જેમાં વ્હોરા સમાજ ની દિકરીઓ પર અત્યાચાર અને મારઝૂડ કરાઈ હોવાનો તેમજ સિદ્ધપુરમાં અસામાજિક તત્વો દ્વારા ચલાવાતા જંગલરાજનો ઉલ્લેખ કરી શાંત પ્રકૃતિ ધરાવતા વ્હોરા-મોમીન સમાજના મકાનો બળજબરીપૂર્વક રીતે પડાવી લેવાની પ્રવૃતિ કરતી ગુંડાટોળકી વિશે ઉલ્લેખ કરાયો છે.આ મેસેજમાં લઘુમતિ સમાજ નાં એક કોર્પોરેટરનો પણ નામજોગ ઉલ્લેખ કરાયો છે.આવા લોકોને સિદ્ધપુર ના પૂર્વપ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય રાજકીય પીઠ બળ આપતા હોવાથી તેમને પણ સિદ્ધપુરના દુશ્મન સમજવા તેવું સિદ્ધપુરનાં રહેવાસી વતી આ મેસેજ માં જણાવાયુ છે.આ મેસેજમાં ફરિયાદી સૈફુદિન ખાચરોટવાલાનો ઉલ્લેખ કરી તે પણ આ પ્રવૃતિમાં સામેલ હોવાનુ જણાવાયુ છે.આથી સૈફુદિન આદમ ભાઈ બુરહાની (ખાચરોટ વાલા)એ પોતાનુ નામ ખોટી રીતે લખી બદનામ કરવાના ઈરાદે તેમજ સોશિયલ મીડીયા દ્વારા પોતાની સામાજિક માનપ્રતિષ્ઠાને હાની પહોંચાડી બદનામ કરી સમાજના લોકોમાં લાગણીમાં હાની પહોંચાડી બદનામ કરવાનાં બદઈરાદા થી આ ગૃપમાં પોતાનુ નામ લખાયુ હોવાનો ઉલ્લેખ કરાયો હોવાનુ ફરિયાદમાં જણાવેલ છે.આથી ફરિયાદીએ આ મેસેજ વાયરલ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવાં ફરિયાદમાં જણાવેલ છે.સિદ્ધપુરનાં વ્હોરા સમાજનાં કોતરણીવાળા મકાનો શહેરની એક આગવી ઓળખ છે.આ ઐતિહાસિક ધરોહર જળવાઈ રહે તે પણ અત્યંત જરુરી પણ છે. પરંતુ શહેરમાં મોકાની જગ્યાએ આવેલા કેટલાંય મકાનો પ્રવતમાન સમયે શામ,દામ,દંડની નિતી અપનાવી યેન-કેન પ્રકારે તોડી મસમોટા એપાર્ટમેન્ટ બનાવવામાં કેટલાંક લોકો સક્રીય બન્યા છે.આવા વ્યક્તિઓ સામે તંત્ર પણ જાણે આંખ આડા કાન કરી રહ્યુ હોય તેવુ પ્રતિત થઈ રહ્યુ છે.ત્યાં બીજીતરફ આધુનિક ટેકનોલોજી અને સોશિયલ મીડીયાનો ઉપયોગ કરી નિતનવા નામો બનાવી સોશિયલ ગૃપો ચલાવી સિદ્ધપુર શહેર-તાલુકામાં રાજકીય પક્કડ મજબૂત કરવાનાં શેખચલ્લી ખયાલોને સાકાર કરવા રાજકીય મહત્વાકાંક્ષા ધરાવતા કેટલાંક લોકો આગામી ચુંટણીઓ સર કરવા મેદાને પડ્યા હોય તેવુ પણ લોકો માં ચર્ચાઈ રહ્યુ છે.સાયબર ક્રાઈમ સેલ,સિદ્ધપુર અને પાટણમાં ઓનલાઈન ફરિયાદ અપલોડ કરવાની હોવાનુ સૂત્રોએ જણાવ્યુ હતુ.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK